દીપોત્સવી અંક

Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

ઑક્ટોબર ૨૦૧૯ * વર્ષ ૩૪ * અંક ૭



બ્રહ્મજ્યોતિનો પ્રકાશ જ્યાંથી સર્વત્ર પ્રસર્યો તેવા
અક્ષરતીર્થ, ગોંડલમાં શાસ્ત્રીજી મહારાજ દ્વારા નિર્મિત મંદિરમાં બિરાજમાન
શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને અંતરની ભાવસભર અનંત વંદના !


નૂતન વર્ષાભિનંદન !

卐 ॥ ૐ

નૂતન વર્ષ - ૨૦૭૬



## નૂતન વર્ષ ૨૦૭૬ના આરંભે સંતભગવંત સાહેબજીના આશીર્વાદ



॥ સ્વામી શ્રીજી ॥

સૌ વ્હાલા અક્ષર મુક્તો.....
નૂતન વર્ષાભિનંદન સાથે
નવાવર્ષના પ્રારંભે અમો સૌ સંતો,
ભક્તોના હૃદયના ભાવથી
જયશ્રી સ્વામિનારાયણ !

સંવત- ૨૦૭૫ના જઈ રહેલા આ વર્ષમાં દેશ-પરદેશના આપણા વ્હાલા ભક્તોએ તન-મન-ધન થી અહોભાવે મંદિર નિર્માણના કાર્યમાં જે સેવાઓ કરી છે તે જોઈ-જાણી સૌ સંતો-કાર્યકર્તાઓના રાજીપાની પ્રાર્થનાઓ દ્વારા સૌ ભક્તો પર પ્રભુની અદ્ભુત પ્રસન્નતા વરસી રહી છે... જેનાથી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી.

હૃદય અમારૂ અર્પણ તમને,
મંદિર રૂડું બનાવોને!

આ પ્રાર્થના સૌ ભક્તોમાં સાકાર થશે. પ્રભુની અંતરની પ્રસન્નતાથી જ આપણા દશ ઈન્દ્રિયો-ચાર અંતઃકરણના ભાવો પ્રભુરૂપ બનતાં હૃદય મંદિર બની રહે છે... ૭,૮,૯ અને ૧૦ જાન્યુઆરી ૨૦૨૦ના દિવસોમાં આપણા મંદિરની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા સાથે આપણા સૌના હૃદય મંદિરમાં પણ પ્રભુની પ્રાણપ્રતિષ્ઠા થતાં જીવન ધન્ય બની રહેશે.

તો, ઉજવણ મહોત્સવની તૈયારીઓમાં આ ત્રણ મહિનામાં તન-મન-ધન અને આત્માથી વિશેષ સેવાઓ કરી લેવાનું બળ મળે અને મહોત્સવની ઉજવણીમાં અનેરો આનંદ મળે તે માટે ગુરૂચરણે-પ્રભુચરણે નવાવર્ષના પ્રારંભની સૌ વતી પ્રાર્થનાઓ છે. રાજી રહેશો.

આપના જ સુહૃદ અમો અશ્વિનભાઈ, શાંતિભાઈ સૌ સંતો-ભક્તો સાથે.

જશભાઈના ભાવથી જયશ્રી સ્વામિનારાયણ!

નૂતન વર્ષાભિનંદન !

૮ મી ઓક્ટોબર ૨૦૧૯,
વિજયાદશમી-દશેરા-૨૦૭૫



# ગોંડલમાં ગુણાતીત સ્મૃતિ પાવન સ્થાન-શ્રી અક્ષરતીર્થ પર બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ દ્વારા ભવ્યાતિભવ્ય મંદિર નિર્માણ અને અકલ્પ્ય ભક્તિની યશગાથા

**ચરોતરના** ચોકમાં બોચાસણ ખાતે અને સૌરાષ્ટ્રની ભોમમાં સારંગપુર ખાતે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ભવ્ય મંદિરોનાં નિર્માણ કરી શાસ્ત્રીજી મહારાજે ઉપાસના પ્રવર્તનનો ડંકો માર્યો. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનની ધજા ગગનચુંબી મંદિરોનાં શિખરે ફરકતી જોઈ સૌ કોઈ મનોમન શાસ્ત્રીજી મહારાજની અકલ્પ્ય પ્રભુભક્તિને, ભગવાનધારક સાધુની સામર્થીને વંદન કરતા.

શ્રી અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવા માટે શાસ્ત્રીજી મહારાજ અને સંતોએ ભીડા વેઠ્યા, તકલીફો સહન કરી, અપમાન અને તિરસ્કાર અવગણ્યાં, માર સુદ્ધાં પ્રભુની કસોટી સમજી ગ્રહણ કર્યો, વિરોધનું અસાધારણ ઝેર પણ પચાવ્યું ; તેવા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના ગોંડલ સ્થિત સમાધિસ્થાને મંદિર નિર્માણનો ઈતિહાસ અનુપમ ભક્તિથી ભર્યો ભર્યો છે.

શ્રીજી મહારાજની આજ્ઞાથી અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ ૪૦ વર્ષ, ૪ માસ અને ૪ દિવસ સુધી જૂનાગઢ મંદિરની મહંતાઈ શોભાડી અને ગુણાતીત જ્ઞાનના સંદેશાઓ પ્રસરાવ્યા તેમજ ગુણાતીત સાધુના સંતત્વની સુવાસ સમસ્ત બ્રહ્માંડમાં ફેલાવી. ત્યારબાદ સંવત ૧૯૨૩ના આસો સુદી બારસની રાત્રે ગોંડલના જૂના મંદિરે ગુણાતીતાનંદ સ્વામી સ્વતંત્ર થકા દેહત્યાગ કરી સ્વધામ સિધાવ્યા. ગુણાતીતાનંદ સ્વામીની ઈચ્છા હતી કે, તેમની અંતિમ ક્રિયા ગોંડલી નદીના કાંઠે ગામની બહાર વાડીમાં થાય. એટલે બીજા દિવસે સવારે સ્વામીના દેહને પાલખીમાં-વિમાનમાં બિરાજમાન કરી વાડીમાં અંત્યેષ્ઠિ સંસ્કારવિધિ સંપન્ન થઈ. તામ્રકુંભમાં સ્વામીનાં દિવ્ય અસ્થિપુષ્પોને એકત્ર કરી તે જ સ્થાને ખાડો કરી જમીનમાં સ્થાપિત કરાયાં.

ગુણાતીતાનંદ સ્વામીના ભક્ત એવા ગણોદના દરબાર અભેસંગ બાપુએ તે સ્થાને વિમાન ઘાટની સુંદર છત્રી નિર્માણ કરાવી જે 'અક્ષરદેરી'ના નામે સંપ્રદાયમાં પ્રસિદ્ધ થઈ. જેમાં પ્રથમ કાળા પાણાનાં ચરણારવિંદ સ્થપાયાં અને સમય જતાં સ્વામીના એકાંતિક સંત શિરોમણિ બાલમુકુંદદાસ સ્વામી અને સંતોએ શ્રીજી મહારાજ પંચાળામાં જે પત્થર પર બેસી સ્નાન કરતા તે પત્થરમાંથી ચરણારવિંદ તૈયાર કરી અક્ષરદેરીમાં સ્થાપ્યાં.

ગોંડલ રાજ્યના તાબાનું આ સ્થાન જૂના મંદિરના કબજામાં હતું. તેઓએ એક ખોજાને એ વાડી ભાડે આપી હતી, જેમાં તે ખેતી કરતો. આ સમય દરમિયાન ઘણા ભક્તો દેરીની પ્રદક્ષિણા કરવા આવતા, માનતા રાખતા. અત્યંત શ્રદ્ધા સાથે એક પગે ઊભા રહી ધૂન-ભજન કરતા. આ

દેરીના પ્રતાપ અને સ્વામીના પ્રગટપણાના અનેક અનુભવો દર્શને પધારેલ સૌને થતા. વળી, સૌને મનમાં સંકલ્પ થતો કે, આ સ્થાન વિકાસ પામે. બાલમુકુન્દદાસ સ્વામી આ દેરીની ખૂબ કાળજી લેતા, સંભાળ રાખતા. તેમને અને સંતમંડળને આ દેરી પર એક શિખરનું મંદિર કરવાનું મન હતું કે જેથી અહીં કાયમ કોઈ સંત રહે અને થાળ-આરતી નિયમિત થાય તો બધું સાનુકૂળ થઈ જાય. તેમણે મંદિરનો નકશો તૈયાર કરાવી પૈસા પણ એકત્ર કરી દીધા હતા. પરંતુ, વડતાલથી મંદિર કરવાની મંજૂરી ન મળી તેથી તેઓનો સંકલ્પ અધૂરો રહ્યો.

ગુણાતીતાનંદ સ્વામીએ દિવ્ય સ્વરૂપે વીરસદના અક્ષરમુક્ત નારણજી મહારાજને સ્વપ્નમાં દર્શન દઈને પાવન અક્ષરદેરી પર ત્રણ શિખરનું મંદિર કરવાની પ્રેરણા આપી. નારણજી મહારાજ ગોંડલ રાજ્યના વિદ્યાધિકારી ચંદુલાલભાઈ અમીનને લઈ કેટલાક અક્ષરમુક્તો સાથે ગોંડલના મહારાજા ભગવતસિંહજીને મળ્યા. મહારાજા ભગવતસિંહજી પણ ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય હતા અને તેઓની સાધુતાથી અંજાયા હતા. આ ભક્તોની ભક્તિને વશ થઈ વાટાઘાટ બાદ ગોંડલના મહારાજાએ આઠ આને વાર જમીન એટલે કે, ૨૫,૦૦૦ રૂપિયામાં આખો બાવન હજાર વારનો પ્લૉટ આપવા સંમતિ આપી. જો કે, આ જમીન નૂરમહંમદ શેઠે ચાર ગણી રકમ આપીને ખરીદી લીધી હતી, તો પણ તે સોદો બરખાસ્ત કરી મહારાજાએ ધર્મના કાર્યને વેગ આપવા નજીવી કિંમતે ભક્તોને જમીનનો કબજો આપવા તૈયારી બતાવી. આમ તો આથીય મોંઘા ભાવે ઘણા આ જમીન લેવા તૈયાર હતા, પણ ભક્તોના ભક્તિભાવને વશ થઈ બાપુએ આ જમીન તેઓને આપવાની સંમતિ દર્શાવી. આ આનંદના સમાચાર લઈને નારણજી મહારાજ, લીંબડીના દીવાન હરિભાઈ અમીન અને ભક્તો શાસ્ત્રીજી મહારાજ પાસે સારંગપુર મળવા આવ્યા. ત્યારે યોગીજી મહારાજ પણ ત્યાં હતા. એ ભક્તોએ જમીન ૨૫,૦૦૦ રૂપિયામાં મળશે તે વાત કરી, પણ પછી તેના પર બાંધકામ કરવાનો ખર્ચો ઘણો થશે તેમ જણાવી દેરી પર મંદિર કરવા શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરી.

શાસ્ત્રીજી મહારાજે તો તરત જ એ વાત મંજૂર રાખી. એટલે શાસ્ત્રીજી મહારાજનાં માર્ગદર્શને નારણજી મહારાજ તથા ભક્તોએ ખરડો કરી જમીનના રૂપિયા એકત્ર કર્યા ને તે રકમ દરબારને ચૂકવી, ખૂંટા મરાવી, તેનો પાકો દસ્તાવેજ કરાવી શાસ્ત્રીજી મહારાજને સોંપ્યો. આ વાતની ખબર સૌને પડી એટલે વિરોધીઓએ ઊહાપોહ કરી મૂક્યો. જમીનનો કબજો ન છોડવા યોજનાઓ કરી, પરંતુ સઘળું વ્યર્થ રહ્યું. વળી, મહારાજા પાસે જે ખોટી ફરિયાદ લઈને જતા તેમને મહારાજા કહેતા કે, 'જો તમે દેરી પર ત્રણ શિખરનું મંદિર કરો તો જમીન આપું.' આ વાત સાંભળી સૌના હાથ હેઠા પડી જતા. મહારાજાએ શાસ્ત્રીજી મહારાજ સમક્ષ પણ ત્રણ શરતો મૂકી : ૧. મંદિર ત્રણ વર્ષમાં બંધાઈ જવું જોઈએ. ૨. અક્ષરદેરી અકબંધ રહેવી જોઈએ ને રસ્તા પરથી તેનાં દર્શન થાય તેવું મંદિર કરવું. ૩. મંદિર નિર્માણમાં દસ લાખ રૂપિયા ખર્ચવા. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના દિવ્ય જ્ઞાનને પ્રવર્તાવવા કટિબદ્ધ શાસ્ત્રીજી મહારાજે મહારાજાની આ શરતો સ્વીકાર્ય રાખી. આ કાર્ય શાસ્ત્રીજી મહારાજની અન્યથા કર્તુમ શક્તિએ સાકાર થશે જ તેવી સૌને શ્રદ્ધા હતી ! જમીન સંપાદિત કરવા શાસ્ત્રીજી મહારાજની પ્રેરણાથી નિર્ગુણદાસ સ્વામીના નેતૃત્વે ૫૦૦થી વધુ સંતો-ભક્તો ટ્રેન ભરીને આણંદ, વડોદરાથી ગોંડલ પધાર્યા અને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના જયનાદ સાથે દેરીનો કબજો મેળવ્યો અને જમીન ફરતે તારની વાડ કરી દીધી.

સંવત ૧૯૮૮ના પોષ સુદી દશમના દિવસે શુભ યોગમાં મહારાજા ભગવતસિંહજીની ઉપસ્થિતિમાં રાજકોટના શેઠ શ્રી મોરારજી મંગળજીના હસ્તે ભવ્યાતિભવ્ય ખાતમુહૂર્ત થયું. ૫૦૦૦ ભક્તોની ભવ્ય ઉપસ્થિતિમાં ખાતપૂજનનો સમૈયો થયો. આ સમૈયામાં મહારાજાનો ખૂબ સહકાર પ્રાપ્ત થયો. સ્પેશિયલ ટ્રેન કરીને ભક્તો ગોંડલ આવ્યા. ભક્તોના સ્વાગતમાં બેન્ડ-વાજાં અને ઉતારા માટે મકાનો આદિ મહારાજાએ આપ્યાં. સમૈયાનો મહાપ્રસાદ પણ હજારો મુમુક્ષુઓ ભાવથી જમ્યા અને સ્વામીના પ્રૌઢ પ્રતાપે સઘળું સુંદર ગોઠવાયું. વિરોધનો વંટોળ હવે શમી જ ગયો. આ સમૈયાથી મહારાજાને પણ અક્ષરદેરીના મહિમા અને શાસ્ત્રીજી મહારાજના અદ્ભુત પ્રતાપની અનુભૂતિ થઈ.

થોડા જ સમય બાદ શુભ મુહૂર્ત જોઈને શાસ્ત્રીજી મહારાજે મંદિરના પાયા ગાળવાનું કામ શરૂ કરાવ્યું. વઢવાણના મિસ્ત્રી વજેશંકરભાઈ પાસે મંદિરના નકશા તૈયાર કરાવ્યા. શાસ્ત્રીજી મહારાજની પ્રેરણાથી સ્વામી વિજ્ઞાનદાસજી, યોગીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી, ભગવતસ્વરૂપદાસજી, કોઠારી અક્ષરસ્વરૂપ સ્વામી, રણછોડ ભક્ત, નારણ ભક્ત આદિ સૌ સંતો-ભક્તો મજૂરો સાથે સંપ રાખી પાયા ગાળવાની, રસોઈ કરવાની આદિ સેવાઓ કરતા. ત્રણ ફૂટ પાયા ખોદાયા ત્યાં એક દિવસ સવારે પાયામાંથી રથ સાથે ચાંદીનો હાથી નીકળ્યો. શાસ્ત્રીજી મહારાજ પાસે સૌ તે લઈ ગયા ત્યારે શાસ્ત્રીજી મહારાજે આશીર્વાદ આપતાં કહ્યું, 'આ મંદિરમાં આગળ હાથી ઝૂલશે અને સત્સંગીઓ

આવ્યા કરશે. મહાપૂજા કાયમ આવ્યા કરશે અને તેમની માનતા સિદ્ધ થશે. સ્વામીનું આ મંદિર રમણીય અને સર્વોપરી થશે. લાખો માણસો દર્શન કરી શાંતિ લઈને જશે. ભારે શુકન થયાં, અહીં અક્ષરદેરીમાં કદી લક્ષ્મીની તાણ નહિ રહે અને લક્ષ્મી આવ્યા જ કરશે ને સમૃદ્ધિના ઢગલા થશે, ડંકો વાગશે.' સ્વામીએ હાથીને સૌનાં દર્શનાર્થે કોઠારમાં રાખવા જણાવ્યું.

ગોંડલ મંદિરનું કામ ચાલતું ત્યારે કડિયાને ચૂકવવાના પૈસાની પણ તાણ હતી. શાસ્ત્રીજી મહારાજ તે વખતે મુંબઈ સત્સંગ અર્થે વિચરણ કરતા હતા. બે માસના પૈસા ચઢ્યા એટલે કડિયાઓ આઘાપાછા થતા હતા. કટોકટીનો સમય જાણી યોગીજી મહારાજે મુંબઈ શાસ્ત્રીજી મહારાજને એકાદશીના દિવસે પત્ર લખ્યો અને કડિયાઓ દુ:ખી છે તે માટે અમાસને દિવસે પગાર ચૂકવવો જ પડે તેથી કંઈક વ્યવસ્થા કરવા અરજ ધરી. વળતા પત્રમાં શાસ્ત્રીજી મહારાજે સૌની કસોટી કરતાં સાક્ષાત્ સ્થાન અક્ષરદેરીમાં ધૂન-પ્રાર્થના-પ્રદક્ષિણા કરવાની આજ્ઞા કરી. ગુરુવચનને સંપૂર્ણ વિશ્વાસ સાથે અદ્ધર ઝીલી જાણતા યોગીજી મહારાજે સંશય વગર સવારે અઢી વાગ્યે ઊઠીને ૫૦૧ પ્રદક્ષિણા, ૧૦૧ દંડવત્, મહાપૂજા કરવાનું આરંભ્યું. દિવસ આખો તનતોડ સેવાઓ કરે અને વહેલા ઊઠીને તથા મોડી રાત સુધી જાગીને ધૂન-પ્રાર્થના-પ્રદક્ષિણા કરે. ત્રણેક દિવસ બાદ એક સવારે રાજકોટથી મોરારજી શેઠની ગાડી આવી, જેમણે અક્ષરદેરીમાં સેવાની તિથિ બંધાવી અને ૫૦૧/- રૂપિયા ભેટ ધરી. બપોરે પોરબંદરથી ટપાલ આવી, જેમાંથી ૩૦૦/- રૂપિયાનો ચેક નીકળ્યો. તથા રાજકોટથી હીરજીભાઈ મોટર લઈને આવ્યા અને ૫૦૧/- રૂપિયાની તિથિની સેવા કરી. આમ ભક્તની હૂંડી ભગવાને પૂરી ! કડિયાઓને સમયે પગાર ચૂકવાઈ ગયો અને સિલકમાં કેવળ સ્વામી જ વધ્યા ! યોગીજી મહારાજ આ પ્રસંગ કહેતા અને અક્ષરદેરી તથા શાસ્ત્રીજી મહારાજનો અપરંપાર મહિમા ગાતા કે, 'સાક્ષાત્ સ્વામીએ કામ કર્યું !' પણ સ્વયં ખૂબ દાસભાવે પોતાની સેવા છુપાવતા, જે આમ તો છુપાવ્યે છુપાતી નહિ !

પાયા ગાળાઈ ગયા. ૨૫ ફૂટ ઊંડા ગયા એટલે મહારાજાના વરદ્ હસ્તે મધ્ય શિખરની જગ્યાએ પાયામાં વિધિવત્ પદ્મશિલાનું સ્થાપન કરાયું. શાસ્ત્રીજી મહારાજે કામ ઝડપથી થાય તે માટે બોચાસણથી અક્ષરપુરુષોત્તમ સ્વામી અને વધુ સંતોને મંદિરની સેવામાં બોલાવ્યા. થોડા જ દિવસોમાં સૌએ મળીને પાયા પૂરી દીધા.

ત્યારબાદ જળઝીલણી ઉત્સવ કરવા શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી સૌ સંતો સારંગપુર પધાર્યા. મંદિરની દેખરેખ માટે મોહન ભગત અને મૂળજી ભગત એમ બે ભક્તો જ ગોંડલ રોકાયા. સારંગપુરમાં ગોંડલ દેરીની સેવામાં રોકાયેલ તમામ સંતોને શાસ્ત્રીજી મહારાજ રાજી થકા બાથમાં ઘાલીને મળ્યા અને પોતાની જમેલી પ્રસાદી આપી. ગોંડલમાં વિરોધીઓએ લાગ જોઈને મહારાજા સાહેબને ખોટી બાતમી આપી કે, પૈસા ન હોવાથી મંદિરનું કામ પડી ભાંગ્યું છે ને સાધુઓ સૌ નાસી ગયા છે. મહારાજાને તેઓની વાત પર વિશ્વાસ ન આવ્યો. કારણ કે, શાસ્ત્રીજી મહારાજના પ્રભાવથી તેઓ વાકેફ હતા. છતાં પણ ગામવાસીઓની ફરિયાદ સાંભળવી પડે તે હેતુથી બીજા દિવસે મંદિર નિર્માણ સ્થાને જવાનું નક્કી કર્યું. અંતર્યામીપણે શાસ્ત્રીજી મહારાજે આ જાણ્યું અને સારંગપુર આવેલા સંતોને સમૈયો પૂરો થયે તરત જ પરત ગોંડલ જવા આજ્ઞા કરી. સંતો તો ભીડો વેઠીને પણ સત્વરે ગોંડલ પહોંચી ગયા. આવીને તરત જ કામકાજ ઉપાડી લીધું. બપોરે ત્રણ વાગ્યે વીરેન્દ્રભાઈને લઈને મહારાજ સાહેબ મોટર લઈને કામ જોવા પધાર્યા. આવીને જોયું તો ૫૦-૬૦ જણ મંદિર નિર્માણની સેવામાં પરોવાયેલા હતા. સૌનાં શરીર ધૂળ-માટીથી ખરડાયેલાં હતાં. આ જોઈ મહારાજા સ્તબ્ધ થઈ ગયા. કામકાજ નિહાળી સંતોષ પામ્યા અને જેમણે ખોટા સમાચાર આપ્યા હતા તેમને બોલાવી દંડ કર્યો. આમ, શાસ્ત્રીજી મહારાજે પ્રતાપ દેખાડ્યો.

મંદિર નિર્માણ સેવામાં રત સંતોએ ખૂબ નિ:સ્પૃહીભાવ રાખ્યો. કોઈ પણ વ્યવસ્થાઓ વગર, સંપૂર્ણ અગવડતામાં જ રહ્યા છતાંય ફરિયાદનો હરફ ઉચ્ચાર્યો નહિ. તેઓ કંતાન કે કોથળા પર જ સૂઈ રહેતા. તૂટેલાં જૂનાં વાસણોમાં રસોઈ રાંધતા. શાસ્ત્રીજી મહારાજનું કાર્ય ભગવાનનું કાર્ય છે તેમ માની તમામ સેવાઓ અકલ્પ્ય નિષ્ઠાથી કરતા. વિજ્ઞાનદાસજી સ્વામી અને મહાતમ સ્વામી મહિનાઓ સુધી પાનેલી ખાણમાં રોકાતા અને મંદિર માટે સારામાં સારો પથ્થર પસંદ કરી વેગનો ભરીને ગોંડલ મોકલતા. સંતો દેહનો અનાદર કરી, દેહને કારસો આપીને ખૂબ સેવાઓ કરતા, તે જોઈ સૌ ભક્તો, મહારાજાના સેવકો અને સ્વયં મહારાજાને સંતોનો ખૂબ ગુણ આવ્યો. શાસ્ત્રીજી મહારાજ સત્સંગ કરાવવા સમાજમાં વિચરણ કરતા અને દર પંદર દિવસે ગોંડલ પધારી કામ અંગે જરૂરી માર્ગદર્શન આપી જતા. આઠ જ મહિનામાં તો કોઠલા સુધીનું કામ આવી ગયું ત્યારે શાસ્ત્રીજી મહારાજ ગોંડલમાં પ્રત્યક્ષ ઉપસ્થિત હતા.

મંદિર નિર્માણ દરમિયાન શાસ્ત્રીજી મહારાજ અને સંતો નાના ઓરડામાં ભોંય પર સૂઈ રહેતા. એક રાત્રે શાસ્ત્રીજી મહારાજ સૂતા હતા અને બાજુના ઓરડામાં યોગીજી મહારાજ પણ પોઢ્યા હતા. મધરાતે એક ભયંકર કાળો ઝેરી નાગ યોગીજી મહારાજ જ્યાં સૂતા હતા ત્યાં ગયો. તેણે યોગીજી મહારાજની ડાબા હાથની પહેલી આંગળીએ ડંસ માર્યો.

આંગળીમાંથી લોહીની ધારા વહી. સખત પીડા થવા લાગી. પણ યોગીજી મહારાજ તો કાંઈ બોલે નહિ. કેવળ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... રટે. બોલતા બોલતા તેમની આંખો બંધ થઈ જવા લાગી. સૌ ગભરાયા. કોઈ કહે, વૈદ્ય બોલાવો, કોઈ કહે, દાકતર બોલાવો. મહારાજાને પણ સંદેશો મળ્યો એટલે તેઓ પણ ચિંતાતુર હતા. બધા જુદા જુદા ઉપાયો બતાવે, પણ શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે, 'જોગીને અક્ષરદેરીમાં સુવડાવો અને 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન કરો. 'સ્વામિનારાયણ' મહામંત્રના નામથી તો કાળા નાગનું પણ ઝેર ઊતરી જાય તેવા સાક્ષાત્ ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદ છે માટે ગભરાશો નહિ, જોગીને કાંઈ નહિ થાય !' તરત જ બધા યોગીજી મહારાજને અક્ષરદેરીમાં લઈ ગયા ને શ્રી ઠાકોરજી સમક્ષ ધૂન કરવા લાગ્યા. બરાબર બાર કલાકમાં ઝેર ઊતરી ગયું, જે આંગળીના ટેરવે એકત્ર થયું. યોગીજી મહારાજે આંખ ઉઘાડી અને શાસ્ત્રીજી મહારાજને વંદન કર્યાં. તે વખતે સરકારી દાકતર પણ આવેલા, તેઓ આ દશ્ય જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા ! તેઓએ ડાબા હાથની એ આંગળી પર એકત્ર થયેલા ઝેરને દૂર કર્યું. યોગીબાપાની એ આંગળીનું ટેરવું પોપટની ચાંચ જેવું દેખાતું, જેનાં દર્શન સૌને બાપા કાયમ કરાવતા. અક્ષરદેરી અને શાસ્ત્રીજી મહારાજનો પ્રતાપ જોઈ ગોંડલના મહારાજા પણ નવાઈ પામ્યા.

મંદિરનું કામ પૂરજોશથી ચાલવા માંડ્યું. આ દરમિયાન કડિયાઓ-મજૂરોને પણ સંતોનો, શાસ્ત્રીજી મહારાજનો, અક્ષરદેરીનો ખૂબ ગુણ આવ્યો, તેથી તેઓ પણ પગાર ઓછો લેતા અને સેવાઓ કરતા. ત્રણેય કોઠલા વજેશંકરભાઈએ શરૂ કર્યા. શાસ્ત્રીજી મહારાજની ઇચ્છા સંવત ૧૯૯૦ના વૈશાખ સુદ દશમને દિવસે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ કરવાની હતી. હવે પ્રતિષ્ઠાને છ જ માસ બાકી હતા. સંતોના આગ્રહથી બોચાસણથી ભક્તિવલ્લભદાસજી સ્વામીને શાસ્ત્રીજી મહારાજે ગોંડલ મંદિર નિર્માણની સેવામાં તેડાવ્યા જેથી કામકાજ ઝડપથી ચાલે. સંતો-ભક્તો રાતપાળી કરવા લાગ્યા. બધા જ સંતોએ વિવિધ વિભાગો સંભાળી લીધા. વૈશાખ માસમાં તો કોઠલાનું કામ પૂરું થઈ ગયું, છાંટિયાં ઢંકાઈ ગયાં.

પ્રતિષ્ઠાને દોઢ માસ બાકી હતો ત્યારે શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી યોગીજી મહારાજ ગોંડલ મહારાજાને મળ્યા અને ગામમાં નખાતા વીજળીના તાર જો અક્ષરદેરી સુધી આવે તો પ્રતિષ્ઠાની શોભા વધી જાય અને ચોરીચપાટીનો ભય ન રહે તેમ વાત કરી. મહારાજાએ તે વાત સ્વીકાર્ય રાખી અને તરત જ હુકમ છોડ્યો એટલે ખૂબ જ જલદી વીજળી મંદિરે આવી ગઈ.

તેવામાં મહારાજાને એક પ્રશ્ન આવ્યો. તેમની ઇચ્છા હતી કે, છેક પોરબંદર સુધી ગોંડલ સ્ટેટની રેલવે લાઇન નંખાય. પણ પોરબંદર રાજવીને તે બાબતે અસહમતિ હતી. કેસ ચાલતો હતો ને લાભ થતો ન હતો. મહારાજાએ યોગીબાપાને કહેવડાવ્યું કે, શાસ્ત્રીજી મહારાજ આશીર્વાદ આપે તો જ આ કેસ જિતાય એમ છે. તેથી યોગીબાપાએ શાસ્ત્રીજી મહારાજને પત્ર લખ્યો અને વાત જણાવી. શાસ્ત્રીજી મહારાજે વળતા પત્રમાં આશિષ દીધી કે, 'છ માસમાં કામ થશે' અને વળી, અક્ષરદેરીમાં પ્રાર્થના કરવા આજ્ઞા કરી. યોગીબાપાએ તે મુજબ છ માસ સુધી માળા કરી તેને પરિણામે મહારાજા કેસ જીતી ગયા. આમ, સાક્ષાત્ સ્થાન અક્ષરદેરીનો પરચો સૌને મળ્યો.

મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ નજીક આવ્યો. શાસ્ત્રીજી મહારાજે વડોદરામાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ તૈયાર કરાવી. શ્રીજી મહારાજની મૂર્તિ ૧૨ મણ અને ગુણાતીતાનંદ સ્વામીની ૧૧ મણની ધાતુની મૂર્તિઓ તૈયાર કરાવી વડોદરાથી શાસ્ત્રીજી મહારાજે ગોંડલ મંગાવી. દર્શન કરી સૌ ખૂબ રાજી થયા. વૈશાખ સુદ દશમનું મુહૂર્ત આવ્યું એટલે ઉમરેઠથી બ્રાહ્મણ કેશવલાલભાઈ તથા તેમના દીકરા કરુણાશંકરભાઈ આદિ ૧૧ બ્રાહ્મણોને ગોંડલ તેડાવ્યા. પ્રતિષ્ઠાનો તમામ ખર્ચ રાજકોટ મંડળના ભક્તોએ ઉપાડ્યો. રસોઈ સર્વોપરી તૈયાર થાય તેવાં આયોજનો કર્યાં. ભક્તોના ઉતારા, ભોજન, યજ્ઞશાળા આદિની તડામાર તૈયારીઓ આરંભાઈ. અનેક ભક્તોએ વિવિધ સેવાનો ખર્ચ ઉપાડ્યો.

વૈશાખ સુદી સાતમને દિવસે મૂર્તિઓ મંડપમાં પધરાવાઈ. ત્રણ દિવસ માટે ગામજનોને શાસ્ત્રીજી મહારાજે અતિ પ્રેમથી જમાડ્યા. પ્રતિષ્ઠાના આગલા દિવસોમાં શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી યોગીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી અને ભક્તો મહારાજાને મળવા ગયા. સંતોની મરજી મુજબ મહારાજાએ શોભાયાત્રા માટે ત્રણ મોટરકાર, ઘોડાગાડી, બૅન્ડવાજાં, બંદૂકધારી સિપાઈઓની પલટન, સર્વોપરી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને સલામી આપવા તોપો આદિની વ્યવસ્થા કરી આપી. પ્રતિષ્ઠાના આગલા દિવસે બપોરે ત્રણ વાગ્યે શોભાયાત્રા આરંભાઈ, તેની શોભા અનેરી અને અલૌકિક હતી ! શ્રી ઠાકોરજીની નગરયાત્રામાં હજારો ભક્તો જોડાયા. પ્રથમ મોટરમાં શ્રીજી મહારાજની મૂર્તિ લઈને સંતો બિરાજ્યા. બીજી મોટરમાં ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ લઈને સંતો બિરાજ્યા. એક દરબારી ઘોડાગાડીમાં ભક્તોના ભાવને વશ થઈ સ્વયં શાસ્ત્રીજી મહારાજ, સ્વામી વિજ્ઞાનદાસજી અને યોગીજી મહારાજ બિરાજમાન થયા. બીજી ઘોડાગાડીમાં સ્વામી નિર્ગુણદાસજી,

કોઠારી ભકિતવલ્લભદાસજી, કોઠારી અક્ષરસ્વરૂપદાસજી, કોઠારી હરિજીવનદાસજી આદિ સંતો બિરાજ્યા. નગરયાત્રાની શોભા જોઈ, શાસ્ત્રીજી મહારાજથી પ્રભાવિત થઈ, યોગીજી મહારાજની સાધુતાથી મોહાયેલા ભક્તો સડક પર તેમને દંડવત્ કરવા લાગ્યા. શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના જયઘોષથી સમગ્ર વાતાવરણ ગુંજી ઊઠ્યું. બપોરે ત્રણ વાગ્યે નીકળેલી નગરયાત્રા રાત્રે આઠ વાગ્યે સંપન્ન થઈ. આખા શહેરમાં આનંદ આનંદ વ્યાપી ગયો, જયજયકાર થઈ ગયો. તે જ રાત્રે સંતોએ મંદિરમાં મૂર્તિઓ યથાસ્થાને ગોઠવી દીધી.

મૂર્તિપ્રતિષ્ઠાના દિવસે મૂર્તિઓના માનમાં સવારે બરાબર સાડા સાત વાગ્યે ૨૫ તોપોની સલામી આપી. તોપોના અવાજથી સૌ આશ્ચર્યમાં પડ્યા અને પછી જ્યારે સૌને ખબર પડી કે, શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના સ્વાગત અર્થે મહારાજા તોપો વડે સલામી આપે છે, ત્યારે સૌ કોઈ મહારાજાને ધન્યવાદ આપી રહ્યા.

પ્રતિષ્ઠા સમયે ભૂદેવો મંત્રોચ્ચાર કરતા હતા. શાસ્ત્રોક્ત વિધિ મુજબ પ્રતિષ્ઠા થઈ રહી હતી. નેત્ર અનાવરણ પ્રસંગે શાસ્ત્રીજી મહારાજે મૂર્તિ સમક્ષ કાચ ધર્યો ને ગદ્‌ગદ ભાવે પ્રાર્થના કરીને બોલ્યા કે, 'હે મહારાજ, હે સ્વામી બિરાજો !' આટલું બોલ્યા ત્યાં તો અવાજ થયો ને કાચ ફૂટ્યો. હજારો ભક્તોએ આ નજરે જોયું. સર્વત્ર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો, શાસ્ત્રીજી મહારાજનો જયજયકાર થઈ ગયો. અદ્‌ભુત પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થઈ. પછી શ્રી ઠાકોરજીને ધરાવેલો થાળ મંગાવી શાસ્ત્રીજી મહારાજે રસોઈમાં મિલાવ્યો ને સૌને પ્રેમથી જમાડવા આદેશ કર્યો. સૌએ ખૂબ પ્રેમથી પ્રભુનો પ્રસાદ લીધો. મહારાજા સાહેબ પણ સમગ્ર ઉત્સવ માણી રાજી થયા, શાસ્ત્રીજી મહારાજના કાર્યને વંદી રહ્યા. મહારાજાની ત્રણેય શરતો સાચવી શાસ્ત્રીજી મહારાજે જે કાર્ય કર્યું તેનો ખૂબ ઊંડો પ્રભાવ મહારાજા અને ભક્ત સમુદાય પર પડ્યો.

પછી તો શાસ્ત્રીજી મહારાજના પ્રતાપે અક્ષરદેરીની શોભા ખૂબ વધી. ભક્તોએ માનતા માની, સેવાઓ આપી શ્રી ઠાકોરજી અને સંતોની ખૂબ ભાવથી સેવા કરી. શિખરનું કામ હજુ ચાલતું હતું. સંતો દિન-રાત સેવાઓ કરતા. ભક્તો પણ આ નિમિત્તે મંડળોમાંથી પધારતા અને



અક્ષરમંદિર, ગોંડલમાં બિરાજમાન
શ્રી ઘનશ્યામ મહારાજની મહાતેજસ્વી મૂર્તિ

શ્રમદાન કરતા. મધ્ય શિખરનું કામ પ્રથમ પૂરું થયું અને ત્યારબાદ બંને શિખરોનું કામ આરંભાયું. નિજ મંદિરના એક ખંડમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવવાની હતી માટે શાસ્ત્રીજી મહારાજ સ્વયં જયપુર ગયા અને મહાતેજસ્વી મૂર્તિ તૈયાર કરીને લાવ્યા. ત્રણ દિવસનો યજ્ઞ કરી સંવત ૧૯૯૨ના વૈશાખ સુદ દશમને દિવસે મૂર્તિપ્રતિષ્ઠા કરી અને આ વખતે પણ કાચ ફૂટ્યો. ભક્તોના સમર્પણભાવથી સોનાના વરખવાળા ત્રણ કળશ તૈયાર થયા હતા, જેનું પૂજન આ જ પ્રસંગે થયું. ધ્વજદંડ પણ તૈયાર હતા એટલે શિખર પર કળશ અને ધ્વજદંડ ચઢાવી દીધા.

અક્ષર મંદિરનાં ત્રણેય શિખરોનું કામ પૂર્ણ થયું. મંદિરની શોભા અકલ્પ્ય હતી, જે દર્શન કરતાં જ હૈયું ઠારતી હતી. મંદિર નિર્માણ થઈ ગયા બાદ શાસ્ત્રીજી મહારાજે બ્રહ્મજ્ઞાનના પડછંદા ગુંજે તે માટે સભામંડપ તેમજ પ્રદક્ષિણા પથ, ખેતીવાડી, રંગરોગાન આદિ કાર્યો ઉપાડ્યાં. હવે ત્રીજા શિખરમાં મૂર્તિઓ પધરાવવા શાસ્ત્રીજી મહારાજ વિચાર કરતા હતા. જે સમયે ઘનશ્યામ મહારાજની મૂર્તિ જયપુરમાં તેઓએ બનાવડાવી, ત્યારે એક માસ વધુ રોકાઈ શાસ્ત્રીજી મહારાજે ડાઘ વિનાના એક સારા કાળા આરસમાંથી સવા ફૂટની અભયકરવાળી શ્રીજી મહારાજની, ધોળા આરસમાંથી સવા ફૂટની અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને મહામુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામીની મૂર્તિઓ પણ તૈયાર કરાવી. આ મૂર્તિઓ પછી સારંગપુર મોકલી અને ત્યાં તેનાં દર્શન કરી મોહાયેલા પ્રભુદાસભાઈ શેઠે તે મૂર્તિઓ પોતાના ઘરમંદિરે પૂજવા શાસ્ત્રીજી મહારાજ પાસે માંગી એટલે તેમને આપી હતી. એક સમયે ભાવનગર સ્થિત પ્રભુદાસભાઈ શેઠના ઘરે શાસ્ત્રીજી મહારાજે પધરામણી કરી. યોગીજી મહારાજ પણ સાથે હતા. સંતોનો રસોઈ જમવાનો સમય થયો એટલે શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજને શ્રી ઠાકોરજી સમક્ષ થાળ ધરાવવા કહ્યું. અત્યંત ભાવ સાથે પોણો કલાક સુધી માહાત્મ્યયુક્ત થાળનાં ગાન યોગીબાપાએ કર્યાં અને પ્રભુને ધરાવેલ વેડમી પૈકી બે વેડમી ઓછી થઈ ગઈ. સૌને મનાઈ જ ગયું કે, પ્રભુએ સંતો-ભક્તોનો ભાવ સ્વીકાર્યો છે ! એવી પ્રાસાદિક મૂર્તિ પ્રભુદાસભાઈ શેઠના રંગુન ગયા બાદ શાસ્ત્રીજી મહારાજે મંગાવી ગોંડલ

અક્ષર મંદિરના ત્રીજા ગર્ભગૃહમાં પ્રતિષ્ઠિત કરી. મૂર્તિઓ નાની છે, પણ અત્યંત ચમત્કારી છે. શાસ્ત્રીજી મહારાજ આ મૂર્તિનાં ભાવથી દર્શન કરવા સૌને કહેતા.

પછી તો શાસ્ત્રીજી મહારાજના પ્રતાપે ભોજન શાળા, ગોંડલી ઘાટ, અક્ષરદ્વાર આદિ સ્થાનોનો વિકાસ થયો. મોટા મોટા સાહેબો, પ્રોફેસરો અક્ષરદેરીની માનતા માનવા લાગ્યા. આવા પવિત્ર સ્થાનમાં મહંત પણ ગુણાતીત અસ્મિતા સાચવે તેવા હોવા જોઈએ તે ભાવે શાસ્ત્રીજી મહારાજે અક્ષર મંદિરના મહંત સ્વરૂપે યોગીજી મહારાજની વરણી કરી. ગોંડલ અક્ષરમંદિરની સમગ્ર વિકાસયાત્રામાં તેમજ ગુણાતીત સ્થાનની રોનક વધારવામાં યોગીજી મહારાજનું યોગદાન અનુપમ અને શબ્દોમાં અવર્ણનીય છે ! આખો દિવસ શ્રી ઠાકોરજીની સેવા, આરતી-થાળની વ્યવસ્થા, મહેમાનોની આગતા-સ્વાગતા, તેઓના ઉતારા-ભોજન આદિની સારસંભાળ અને સંતોના રોટલા ઘડવાની સેવા, અનાજ સફાઈ કરવાની સેવામાં જોતરાયેલા યોગીજી મહારાજ અક્ષરદેરીની ખૂબ સેવા-પરિચર્યા કરતા. ભક્તોની માનતાની મહાપૂજા કરાવવાની પ્રથાને વેગ યોગીબાપાએ જ આપ્યો. ભાવથી મહાપૂજા કરે એટલે શ્રીજી-સ્વામી ભક્તોના તમામ મનોરથો પૂરા કરે જ ! દંડવત્, પ્રદક્ષિણા-ભક્તિ અદા કરતા યોગીજી મહારાજ કદી થાક્યા નથી. તેમની અક્ષરદેરી પ્રત્યેની શ્રદ્ધા, વિશ્વાસ અને નિષ્ઠાને પરિણામે અગણિત ભક્તો-મુમુક્ષુઓને સમાસ થયો. યોગીજી મહારાજે આ પવિત્ર સ્થાનનો મહિમા સર્વત્ર પ્રવર્તાવ્યો. આજે પણ સંતો અને ભક્તો અત્યંત શ્રદ્ધા સાથે દેરીની પ્રદક્ષિણા કરે છે અને માનતા રાખે છે, જે ગુણાતીતાનંદ સ્વામી પૂરી કરે છે.



અક્ષરમંદિર, ગોંડલમાં બિરાજમાન શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ મહારાજની મહાપ્રતાપી મૂર્તિ

અક્ષરદેરીનો પ્રતાપ અનુપમ છે ! યોગીબાપા કહેતા કે, 'અક્ષરદેરીનો મહિમા અકલ્પ્ય છે. અક્ષરદેરીમાં એક પ્રદક્ષિણાએ એક યજ્ઞનું ફળ મળે. અક્ષરદેરીમાં સેવા કરનાર નિર્દોષ થઈ જાય અને એકાંતિક ધર્મ સિદ્ધ કરે. અક્ષરદેરીમાં જે સંકલ્પો કરે તે સિદ્ધ થાય જ ! જેણે અક્ષરદેરીનો સમાગમ કર્યો તેની વાસના ટળી ગઈ, પણ શ્રદ્ધા વિના કામ ન થાય ! અક્ષરદેરીમાં તો મોટા કેસ પતે છે. જે ડૉક્ટરથી ન મટે તે આ અક્ષરદેરીનાં પાણી અને પુષ્પથી મટે છે. આ દેરી નથી આ સાક્ષાત્ ધામ છે. અક્ષરદેરીનો મહિમા સમજીએ તો બેડો પાર થઈ જાય !'

આવા પવિત્ર સ્થાનમાં અજોડ મંદિર કરી શાસ્ત્રીજી મહારાજે ગુરુ ગુણાતીત અર્થે અનુપમ ભક્તિ અદા કરી સંપ્રદાયને ભક્તિ કરવાનું દિવ્ય નજરાણું ભેટ ધર્યું. અક્ષર મંદિરના નિર્માણમાં નાણાં, માણા, પાણા અને દાણાની અતિશય તાણ હોવા છતાં શાસ્ત્રીજી મહારાજ અને તેઓના લાડીલા અનુગામી શિષ્ય યોગીજી મહારાજે અક્ષરદેરીમાં શ્રદ્ધા સેવી, ધૂન, પ્રાર્થના, દંડવત્ અને પ્રદક્ષિણાના બળે મંદિરનું કામ પૂરું કર્યું.

આ પાવન અક્ષરદેરીમાં જ ૩ ફેબ્રુઆરી ૧૯૫૨ના રોજ દાદુકાકાની સેવાથી અતિશય રાજી થઈ યોગીબાપાએ ઘનશ્યામ મહારાજની મૂર્તિ સમક્ષ ૭૨ કલાકની જ્ઞાનસમાધિ રૂપી સાક્ષાત્કાર કરાવ્યો. એ દિવ્ય સ્વરૂપ-અનુભૂતિના સાક્ષાત્કાર પછી કાકાશ્રીએ અકલ્પ્ય શક્તિ સાથે ગુરુહરિ યોગીજી મહારાજના દિવ્ય સ્વરૂપ અને મહાકાર્યનું માહાત્મ્યગાન આરંભ્યું. અત્યાર સુધી જે યોગીજી મહારાજને એક નમ્ર અને ભલા-ભોળા સાધુ તરીકે સૌ જાણતા હતા, એ યોગીજી મહારાજ વાસ્તવમાં શ્રી અક્ષરપુરુષોત્તમના ધારક ગુણાતીત સ્વરૂપ છે ! તેવો ડંકો કાકાશ્રીએ દિગદિગંતે ગજવ્યો, જેનું ઉદ્‌ગમસ્થાન પણ અક્ષર મંદિર, ગોંડલ જ રહ્યું.

અહીં અક્ષરદેરીમાં જ ગુરુદેવ યોગીબાપાએ પ.પૂ. મહંત સ્વામીને પાર્ષદી દીક્ષા આપી. વળી, પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીને પાર્ષદી તેમજ ભાગવતી દીક્ષા પણ અહીં જ આપી. પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીને ભાગવતી દીક્ષા આપી, નામાભિધાન કરી યોગીબાપાએ ભવિષ્યવાણી ઉચ્ચારતા આશીર્વાદ દીધા કે, 'જેવી શ્રીજી મહારાજે ગુણાતીતને દીક્ષા આપી હતી, એવી દીક્ષા આજે પ્રભુદાસભાઈએ લીધી છે. આજે સત્સંગમાં એક બીજું ઍન્જિન જોડાયું છે તેથી હવે સત્સંગનો વિકાસ પૂરપાટ વેગે થશે.' કહેવાની જરૂર નથી કે, આજે યોગીબાપાના એ આશીર્વાદ અને ભાવિદર્શનનું સાકાર સ્વરૂપ સર્વત્ર પાંગરેલું જણાય છે, જે સ્વાભાવિક અક્ષરદેરીનો જ પ્રતાપ છે !

વળી, સંતભગવંત સાહેબજી અને અનુપમ મિશનના સદ્‌ગુરુ સંતોનાં જીવનના સેવા અને ભક્તિભર્યા અનેક પ્રસંગો ગોંડલમાં જ સાકાર થયા.

યોગીબાપા સાથે અલૌકિક પ્રેમ નાતે જોડાયા બાદ સંતભગવંત સાહેબજી યોગીબાપા વગર રહી શકતા જ નહોતા. યોગીબાપાને પણ યુવાન જશુભાઈ પ્રત્યે એવો જ અગાધ પ્રેમ હતો કે, વૅકેશન પડે એટલે તરત જ બાપા જશુભાઈને પોતાની પાસે સેવામાં બોલાવી લેતા. બાપા ઘણું ખરું ગોંડલમાં રહેતા અને યુવાનોને પોતાની પાસે રાખી સેવામાં જોડતા.

એક વખત યોગીબાપા ગોંડલ મંદિરે બિરાજમાન હતા. વૅકેશન હોવાથી સાહેબજી ગોંડલ યોગીબાપા પાસે સેવામાં પહોંચી ગયા. દરરોજ સવાર-સાંજ કથાવાર્તા અને સત્સંગનો અખાડો જામે, પરંતુ ગોંડલનાં જુદાં જુદાં પ્રસાદીનાં સ્થળો પર ! કોઈ દિવસ મંદિરે તો કોઈ દિવસ ગોંડલી ઘાટ પર; કોઈ દિવસ રણછોડ ભગતના ઓટા પર તો કોઈ દિવસ અન્ય બીજા પ્રસાદીના સ્થાને સભાનાં આયોજન થાય. યોગીબાપા અગાઉથી જ સભાનું સ્થાન નક્કી કરી દે અને તે સ્થળને ચોખ્ખું કરી સભા કરવા લાયક બનાવવા માટે પોતાના વહાલા જશુભાઈ અને સાથે થોડા યુવાનોને મોકલે. બાપાની આજ્ઞા થાય એટલે જશુભાઈ અને સૌ યુવાનો તો ખૂબ હોંશ અને ભક્તિપૂર્વક મંદિરથી સભાસ્થળ સુધીના રસ્તાઓ સાફ કરે, રસ્તામાં આવતા ઉકરડા સાફ કરે, બાપા પધારે ત્યારે એક નાનો કાંકરો પણ વાગે નહિ તેની તકેદારી રાખી રસ્તાને વાળી, પાણી છાંટી, ચોખ્ખો ચણાક કરી દે. સભાસ્થળે શ્રી ઠાકોરજીને આસન પર પધરાવી, પૂજન, આરતી, થાળ અને ભજન માટેનાં વાજિંત્રો, યોગીબાપાનું આસન અને સભાજનો માટે બેસવાની વ્યવસ્થા ખૂબ સુંદર રીતે ગોઠવે. યોગીબાપા સભાસ્થળે પધારે ત્યારે જશુભાઈની આવી સૂઝભરી વ્યવસ્થા અને ચીવટાઈભરી સેવા જોઈને ખૂબ રાજી થાય અને આશિષરૂપે ધબ્બાઓનો વરસાદ વરસાવી દે. સાહેબજી સભામાં યોગીબાપાની પરાવાણીનું એકાગ્રતાપૂર્વક શ્રવણ કરે અને તે વાતોને, તે દર્શનને, સભાને પોતાના હૃદયમાં અમર-અંકિત કરી દે. આજે પણ જ્યારે સંતભગવંત સાહેબજી પોતે અનુભવેલા યોગીબાપાના પ્રસંગોનું વર્ણન કરે ત્યારે સ્થળ, વાત અને ભક્તોની સ્મૃતિ એટલી આબેહૂબતાપૂર્વક વાગોળે કે, જાણે કાલે જ પ્રસંગ બન્યો ના હોય ! ગોંડલ મંદિરમાં યોગીબાપા સાથેના આવા અઢળક પ્રસંગોની આબેહૂબ સ્મૃતિ તેઓના હૃદયમંદિરમાં અમર છે, જેને તેઓના જ શ્રીમુખે સાંભળવાનો પણ એક અનેરો અમૂલ્ય લહાવો છે ! જે તેઓની અનુપમ ગુરુભક્તિનું દર્શન કરાવે છે અને ગુરુ સાથેના તેઓના પ્રીતિએ યુક્ત અતિ ગાઢ સંબંધનું દર્શન પણ કરાવે છે.

એક દિવસ ગોંડલ મંદિરે યોગીબાપાએ જશુભાઈને નજીક બોલાવી, તેમના હાથમાં ખુરપી, સળી ઝાડુ અને પતરાની ડોલ આપી ગોંડલ મંદિરનું જનરલ શૌચાલય સાફ કરવાની આજ્ઞા કરી. આ સાંભળી જશભાઈને નવાઈ લાગી. કારણ કે, તેમણે આવું કાર્ય પહેલાં ક્યારેય કર્યું જ ન હતું. વળી, સોખડા ગામના પટેલના દીકરા એટલે તેમના ઘરે તો આવાં અનેક કાર્યો માટે ઘણી સુવિધાઓ હતી. પરંતુ, અહીં તો યોગીબાપાની આજ્ઞા હતી ! તેથી મન મક્કમ કરી, હાથમાં આપેલ ખુરપી, સળી ઝાડુ અને ડોલ લઈને સેવાકાર્ય માટે જશુભાઈએ ડગ માંડ્યાં. તે સમયે ગોંડલ મંદિરે દર્શન કરવા આવતા અને તે ઉપરાંત ગામમાં વસતા લોકો પણ શૌચક્રિયા માટે ગોંડલ મંદિરનું જ શૌચાલય વાપરતા. વ્યવસ્થાના વપરાશની અજ્ઞાનતાને કારણે શૌચાલય વાપરનારા લોકો તેને ખૂબ ગંદું રાખે, પાણી નાખીને સાફ પણ ન કરે. જેને પરિણામે મળના થર બાઝી જાય. માખી, મચ્છર અને જીવડાંઓનો ઉપદ્રવ એટલો બધો વધી જાય કે, તેને સાફ કરવા કોઈ તૈયાર પણ ન થાય. એવી ગંદકીને સાફ કરવાની આજ્ઞા યોગીબાપાએ તેમના સૌથી લાડીલા અને વિશ્વાસપાત્ર યુવાન જશુભાઈને સોંપી. શૌચાલય સાફ કરાવી અંતર સાફ કરવાની સાવરણી યોગીજી મહારાજ પાસે હતી. જશુભાઈની બ્રહ્મજ્ઞાન પામવાની ચૈતન્યશક્તિને પારખી, તેમને સુપાત્ર સમજી યોગીજી મહારાજે આવી વણકલ્પી આજ્ઞા કરી.

સંતભગવંત સાહેબજી કહે છે કે, ‘મને આપેલ ત્રણ વસ્તુઓ લઈને હું જ્યારે શૌચાલય સાફ કરવા ગયો તો ઊલટી થઈ જાય તેવી ગંધ આવતી હતી. ત્યાંની ગંદકી જોઈ જ ના શકાય એવી હતી, પણ યોગીબાપાની આજ્ઞા હતી એટલે ખુરપી મારવાનું ચાલુ કર્યું. જેમ જેમ ખુરપી વાગે તેમ તેમ આંખમાંથી પાણી પડે. પરંતુ અંતરમાં એક જ ભાવ રહ્યા કરે કે, 'યોગીબાપા રાજી થશે તેથી મારે આ કરવું જ છે.' ૨-૩ કલાકની મથામણ બાદ સાહેબજીએ શૌચાલય ચકચકિત કરી દીધું. મન સાથેની લડાઈ લઈને પણ પોતાના ગુરુને રાજી કરવાની કેવી ઉત્કંઠા આપણા વહાલા સાહેબદાદાને આટલી નાની વયે હતી ! સફાઈ બાદ યોગીબાપાએ જ્યારે શૌચાલય જોયું ત્યારે તેમની પ્રસન્નતાનો પાર ના રહ્યો. જશુભાઈને પોતાની બાથમાં લઈ ખૂબ વહાલ વરસાવ્યું. ખરેખર તો સંતભગવંત સાહેબજીએ યોગીજી મહારાજનું દિલ જીતી લીધું! તે રાજીપાના પ્રતાપે જ એક અનુપમ સાધુતાની મૂર્તિ કંડારાઈ, જે આજે સંતભગવંત સાહેબજી સ્વરૂપે સૌનાં હૃદયમંદિરમાં બિરાજે છે !

ભક્તિ એટલે ભગવાનની પ્રસન્નતાર્થે કરેલું કાર્ય. ભક્તિ એટલે ગુણાતીત સાધુના વચને કરેલું કાર્ય. આવું જ ભક્તિકાર્ય સાહેબજીએ ગોંડલમાં રહી યોગીબાપાના વચને કર્યું. યોગીબાપા નિત્ય બપોરના ભોજન બાદ અક્ષરમંદિરના સભાખંડમાં સભા કરી બેસતા અને સૌને

બ્રહ્માનંદ કરાવતા. ભક્તો તેનો લાભ લેતા અને આનંદ પણ માણતા. આ અલૌકિક સમાગમનું સુખ લેવાની ઈચ્છા સ્વાભાવિક જ સાહેબજી અને તેમના યુવાન સાથીદારોને પણ ખૂબ રહેતી. પરંતુ, તેમને તે જ સમયે યોગીબાપાએ રસોડાને સાફ કરી, વાસણો ઊટકવાની સેવા સોંપેલી તેથી તેઓ આ દિવ્ય પળનો લાભ લઈ શકતા નહિ. દરરોજની જેમ એક દિવસ યોગીબાપાના સમાગમની ઈચ્છા રાખી, તેમની મૂર્તિમાં લીન થઈ સાહેબજી વાસણ ઊટકતા હતા, તેવામાં કેટલાંક બહેનો આવ્યાં અને કહ્યું કે, 'વાસણો અમે ધોઈ નાંખીએ છીએ, તમે સભામાં બેસો.' જશુભાઈને થયું કે, ભગવાને પ્રાર્થના સાંભળી અને આ બહેનોને ભગવાને જ મોકલ્યાં છે. એટલે તેઓ ત્યાંથી નીકળી સભામાં ગયા. સાહેબજી અને સાથી યુવાનોને સભામાં આવતા જોઈ યોગીબાપાએ તેઓને તેમની પાસે બોલાવ્યા અને રસોડાની સેવા અંગે પૂછ્યું. ત્યારે સાહેબજીએ કહ્યું કે, 'બીજું બધું જ કામ પતી ગયું છે, માત્ર થોડાં વાસણો જ ધોવાનાં બાકી રહ્યાં હતાં જે બહેનો ધુએ છે એટલે અમે અહીં આપનાં દર્શને આવ્યા.' આ સાંભળી યોગીબાપા બોલ્યા, 'યુવાન અવસ્થામાં મહિમાથી સેવા કરો તે જ અમારું દર્શન ! જાઓ અને વાસણો ધોઈ આવો.' કશું જ વિચાર્યા વગર તત્ક્ષણ સાહેબજી અને સૌ યુવાનો સેવા માટે પાછા વળી ગયા. યોગીજી મહારાજ યુવાનોને નિયમો, આજ્ઞાઓ અને સેવાઓ આપી તેમનામાં સુહૃદભાવે સેવા કરવાની ભાવના પ્રગટાવવા, હળીમળીને સેવા કરવાના આનંદની અનુભૂતિ કરાવવા અને અહંશૂન્ય બનાવવા માંગતા હતા. ખૂબ નાની વયે પણ આ ભાવ અને તેની પાછળના પરમ વિજ્ઞાનને સંતભગવંત સાહેબજી અને સાથીદારો સમજી ગયા હતા ! અને એટલે જ તો તેઓ સૌ અખંડ આનંદના ભોક્તા બન્યા છે !

શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલયના નિર્માણની આજ્ઞા યોગીબાપાએ સંતભગવંત સાહેબજી અને યુવાનોને કરી. બાપાના વચને કૉલેજમાં ભણતા યુવાનોએ કાકાજીનાં માર્ગદર્શને અને સાહેબજીના નેતૃત્વે વલ્લભવિદ્યાનગરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલયનું નિર્માણ કર્યું ને યોગીબાપાને રાજી કર્યા. અને યોગીબાપાની જ આજ્ઞાથી સાહેબજી અને ૧૧ યુવાનો સાધુ થવા તત્પર થયા. પરંતુ, અક્ષરમંદિર-ગોંડલમાં જ યોગીબાપાએ છાત્રાલય પ્રમુખ સ્વામીને સોંપી દેવાની આજ્ઞા કરી. વિના વિલંબે, વિના સંકોચે સાહેબજીએ બાપાની તે આજ્ઞા પણ પાળી છાત્રાલય છોડી દીધું. પ્રાસાદિક સ્થાનમાં કરાયેલી ગુરુઆજ્ઞાનું જડબેસલાક પાલન થયું તો બ્રહ્મસ્વરૂપ અવસ્થાની પ્રાપ્તિ સહજ બની. આમ, ગુણાતીત સ્થાન-ગોંડલ અક્ષરમંદિરનો મહિમા અકલ્પ્ય છે !

યોગીબાપાના સાધુરામ પૂ. અશ્વિનદાદાએ યોગીબાપાની આજ્ઞાથી M.Sc.નો અભ્યાસ છોડી આ જ અક્ષરમંદિરમાં તેઓના અંગત સેવક તરીકે ખૂબ ભક્તિપૂર્ણ સેવાઓ બજાવી. સન ૧૯૬૭માં ગુરુદેવ યોગીજી મહારાજના અમૃતપર્વની ભવ્યાતિભવ્ય ઉજવણી પ્રસંગે યુવાનેતા તરીકે પૂ. શાંતિદાદાની પસંદગી સંસ્થા દ્વારા કરવામાં આવી અને વળી, એ પ્રસંગે યોગીબાપા માટે તૈયાર કરાયેલ વિશેષ સુશોભિત રથ ખેંચનાર યુવા ટુકડીના મુખ્ય સંચાલક તરીકે પણ પૂ. શાંતિદાદાએ સેવા બજાવી ભક્તિ અદા કરી. આમ, સૌ સદ્‌ગુરુ સંતોનાં જીવનમાં પણ ગોંડલ-અક્ષર મંદિર પોતાના ગુરુ યોગીબાપાની પ્રસન્નતાર્થે સેવા-ભક્તિ અદા કરવાનું દિવ્ય સ્થાન બની રહ્યું.


૧૯૭૧માં ગુરુદેવ યોગીજી મહારાજ મુંબઈ સ્વધામગમન થયા બાદ તેઓની અંતિમ સંસ્કાર વિધિ ગોંડલમાં સંપન્ન થઈ. આ પ્રસંગે પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી, પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજી, પ.પૂ. સાહેબજી આદિ સ્વરૂપો સંતો-ભક્તો સાથે અંતિમ દર્શનાર્થે ગોંડલ પધારી પોતાના પ્રાણપ્યારા ગુરુને પ્રાર્થના-શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં. થોડાં વર્ષો બાદ પ.પૂ. પ્રમુખસ્વામીજી અને પ.પૂ. મહંતસ્વામીજીએ તે સ્થાને 'શ્રી યોગી સ્મૃતિ મંદિર' તૈયાર કરાવી યોગીબાપાની સ્મૃતિને શાશ્વતકાળ સુધી ચિરંજીવ રાખી.

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને આચરણમાં મૂકી ભક્તિમાર્ગે જીવન જીવતા સૌ સંતો-મુકતો માટે અક્ષરતીર્થ ગોંડલ, એ અક્ષરધામસમું કેન્દ્ર છે, સૌનાં આધ્યાત્મિક ઉત્થાનમાં તેનો અમૂલ્ય ફાળો છે. આવા પ્રાસાદિક તીર્થનો મહિમા પ્રસરાવનાર શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ સાથે પ્રમુખ સ્વામી મહારાજ તથા વર્તમાન કાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ.પૂ. મહંત સ્વામી મહારાજને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ હૃદયની અનંત વંદના સાથે જયશ્રી સ્વામિનારાયણ ! ◆

~ ડૉ. ધનંજય પટેલ



**શ્રી યોગી સ્મૃતિ મંદિરનાં દર્શનાર્થે પધારેલ સંતભગવંત સાહેબજી અને સંતો**





### સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

** વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ-૩૫ : 'કલ્યાણના જતનનું'નું નિરૂપણ,*
*૨૮ ફેબ્રુઆરી ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી*

**તમે** બધાં અહીં આવ્યાં પણ મકાનને બરાબર લોક માર્યું છે કે નહીં એ ચૅક કરીને આવ્યાં હશો ! ઘણાં તો લોક માર્યા પછી બે-ચાર વખત ખેંચે ને ચૅક કરે કે લૉક બરાબર વાગ્યું છે કે નહીં. આપણી પાસે જણસો હોય, પર્સ, મૉબાઈલ હોય તો તેની કેટલી કાળજી રાખીએ ! એક સૅકન્ડ પણ રેઢાં ના મૂકીએ, એનું જતન કરીએ. કારણ કે, એની કિંમત છે. જેની કિંમત હોય એનું આપણે જતન એટલે કે સાચવણી કરીએ છીએ. પણ આત્માના કલ્યાણનું કોઈ જતન કરતું નથી, કારણ તેની કોઈને ખબર જ નથી. સ્વામિનારાયણ ભગવાને આ વચનામૃતમાં આત્માના કલ્યાણનું જતન કેવી રીતે કરવું એ સમજાવ્યું છે.

ભગવાનની કેટલી કૃપા, દયા, કરુણા કે, આપણને સામેથી એવા સંતોનો યોગ આપ્યો, જેઓ હોંકારા-પડકારા કરીને બધો પ્રકાશ પાથરે છે ! આપણને મોંઘામાં મોંઘો માનવદેહ મળ્યો છે. સ્વામિનારાયણ ભગવાને એક વચનામૃતમાં કહ્યું કે, 'દરિયાનું જેટલું પાણી છે, એટલું માતાનું દૂધ ધાવ્યો છે.' લ્યો, કેટલા બધા જન્મ કહેવાય ! ૮૪ લાખ જન્મ પછી માનવ દેહ મળે છે. પણ એની કિંમત નથી. કારણ કે ખબર નથી આપણને કે, આટલો મોંઘો માનવ દેહ છે. એટલે સ્વામિનારાયણ ભગવાને એક તો એ સમજાવ્યું કે, માનવ દેહ મોંઘામાં મોંઘો છે. એ દેહે કરીને બુદ્ધિ, હોશિયારી, આવડત, મહેનત કરીને ભગવાનની કૃપાથી, સંતોના, માતા-પિતાના આશીર્વાદથી સુખ, સમૃદ્ધિ, સુવિધા ઊભી કરો ; પણ એમાં આત્માનું કલ્યાણ ના ચૂકી જતા.

રસોઈ બનાવીએ ત્યારે એમાં ભાતભાતના મસાલા નાખીએ, પણ મીઠું નાખવાનું ભૂલી જઈએ તો ? રસોઈમાં ટૅસ્ટ જ ના આવે. એમ ઘણાને ૮૦-૯૦ વરસના થાય ત્યાં સુધી જીવનમાં ટૅસ્ટ આવતો નથી, કંઈ મજા નથી આવતી. એ શું મજા નથી આવતી ? તો કશુંક ચૂકી જવાય છે. આત્માના કલ્યાણ માટે ભગવાન, સાધુ ને સત્સંગ એ ચુકાઈ જાય છે એટલે જીવનનો ટૅસ્ટ આવતો નથી. ઘણી બધી રસોઈ હોય તો એમાં થોડુંક ચપટી જ મીઠું નાખો તો રસોઈનો ટૅસ્ટ આવે. એમ ભગવાન એવું નથી કહેતા કે, તમે ચોવીસ કલાક માળા લઈને જ બેસી રહો ને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કર્યા કરો. સ્વામિનારાયણ ભગવાને 'શિક્ષાપત્રી'માં કહ્યું કે, 'તમારા જીવનના આયુષ્યનો-આવરદાનો ૧૦% ધર્માદો કાઢો.' ચોવીસ કલાકમાં ૧૦% એટલે બે કલાક ને ચાલીસ મિનિટ સત્સંગ થવો જોઈએ. અને પોતાની જે આવક હોય એનો ૧૦% ધર્માદો કાઢો. હે પ્રભુ ! આ દેહ તમે આપ્યું છે, એને પણ ભક્તિમાં વાપરવું છે. બધા સારા સંજોગો આપ્યા છે તો સમય પણ આપવો છે. અને તમારી

કૃપાથી ધન પ્રાપ્ત થયું છે એ પણ તમારા કામમાં વાપરવું છે, ૧૦% ધર્માદો આપવો છે. તો એ કલ્યાણનું જતન કર્યું કહેવાય.

ભગવાનને અર્થે વાપરવામાં ભગવાન રાજી થાય એનું અનુસંધાન હોવું જોઈએ. ભગવાન કહે, 'તમે મારી સામે આખો દિવસ બેસી રહો એવું નહીં, પણ મારા થઈને જીવો, મારા અર્થે જીવો, હું રાજી થઉં એવું જીવો; તો તમારું હું જતન કરીશ, તમને હું સાચવીશ.' એક તો ભગવાને આપણને આશીર્વાદ આપ્યા છે-વરદાન આપ્યું છે કે, 'મારા જે આશ્રિત છે એને અંત સમયે હું લેવા આવીશ.' આશરો એટલે કે, હું તમારો ને તમે મારા. વર્તમાન ધરાવીને કંઠી પહેરી એટલે ભગવાનનો આશરો કર્યો, પછી ભગવાન બંધાયા છે. પણ એના જડબેસલાક આશ્રિત હોવા જોઈએ. પછી, કામ થયું-ના થયું, સાજા થયા-બીમાર પડ્યા; પણ મારા જીવનમાં જે કંઈ થયું છે, થઈ રહ્યું છે ને થવાનું છે એ મારા પ્રભુ કરી રહ્યા છે. કંઈ માગવું હોય તો મારા ભગવાન પાસે માગવાનું. ભગવાન પાસે માગવા માટે બૂમ-બરાડા પાડવાની જરૂર નથી. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન ને પ્રાર્થના કરીએ તો ભગવાન જરૂર સાંભળે. તો, ભગવાનનો આશરો હોય, ભગવાનને કર્તા-હર્તા માનતા હોઈએ અને એ ભગવાન એવા સત્પુરુષ દ્વારા પ્રગટ મળ્યા છે.

આવતી કાલે ભગતજી મહારાજનો જન્મ દિવસ છે. ભગતજી મહારાજ અદ્ભુત કામ કરીને ગયા. સ્વામિનારાયણ ભગવાન જે શુદ્ધ ઉપાસના પ્રવર્તનનું કામ કરવા માંગતા, એ શુદ્ધ ઉપાસનાનો પાયો ભગતજી મહારાજે નાખ્યો. સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં કહ્યું કે, ભગવાનના ભક્તને સૌને સુખિયા થવું છે. પણ સુખમાં ફરક પડી ગયો છે. શાથી ? સમજણમાં ફરક પડ્યો તેથી સુખમાં ફરક પડ્યો. એ સમજણ કઈ ? તો શુદ્ધ ઉપાસનાની સમજણ. સ્વામિનારાયણ ભગવાનને જડબેસલાક ભગવાન માનતા હતા, પણ એ ભગવાન કર્તા-હર્તા છે અને એવા ગુણાતીત સાધુ થકી પ્રગટ છે એ સમજાતું નહોતું. શાસ્ત્રીજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ પધરાવી, એનો અર્થ એ હતો કે, એવા ગુણાતીત સાધુ દ્વારા ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ રહેશે.

મહારાજે પહેલું વરદાન આપ્યું કે, 'અંત સમયે તેડવા આવીશ.' અને બીજું વરદાન આપ્યું કે, 'અમે આ બ્રહ્માંડમાં આવ્યા છીએ તે ગુણાતીત સાધુ દ્વારા પાંચ-પચ્ચીસ પેઢી અખંડ રહીશું, રહીશું ને રહીશું. પ્રગટ તરીકે ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ ને ચોથો નંબર યોગીજી મહારાજનો હતો. કોઈએ બાપાને પૂછ્યું કે 'બાપા, તમે ચોથી પેઢી ને?' ત્યારે બાપા કહે, 'ના. આ તો પહેલી પેઢી છે.' કન્ટિન્યૂઈટી છે એટલે એક જ પેઢી, બ્રેક નથી થઈ.

આ અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાનો પાયો નાખ્યો ભગતજી મહારાજે. એટલે દર ફાગણ સુદી પૂનમ, હોળીના શુભ દિવસે એમનો જન્મ દિવસ આપણે ઊજવીએ છીએ. ભાવનગર પાસે મહુવા ગામ. એ બંદર છે-પૉર્ટ છે, ત્યાં ભગતજી મહારાજનો દરજીના ઘરે જન્મ થયો. પરણેલાઓને આનંદ થાય કે, ભગતજી મહારાજ ગૃહસ્થ હતા. ગૃહસ્થ હોય તોય ભગવાનધારક બની શકાય છે, એ ભગતજી મહારાજનો દાખલો છે. ગુણાતીતાનંદ સ્વામીને એમણે સેવ્યા ને અંતરથી રાજી કરી લીધા. સ્વામિનારાયણ ભગવાનના સમયમાં હજારો સાધુ હતા અને તેમાં ૫૦૦ પરમહંસ પંક્તિના હતા. ગુણાતીતાનંદ સ્વામી સાથે જૂનાગઢમાં ૩૦૦ સાધુ હતા. વડતાલમાં ગોપાળાનંદ સ્વામી સાથે ૫૦૦ સાધુ હતા.

ત્રીજી મૂર્તિ ગોપાળાનંદ સ્વામીની છે. ગોપાળાનંદ સ્વામી માટે ભગતજી મહારાજને અસાધારણ પ્રેમ, અસાધારણ હેત ! બાર વર્ષ તેઓ ગોપાળાનંદ સ્વામી સાથે રહ્યા. ગોપાળનંદ સ્વામીએ અષ્ટાંગ

"તમારા જીવનના આયુષ્યનો-આવરદાનો ૧૦% ધર્માદો કાઢો.' ચોવીસ કલાકમાં ૧૦% એટલે બે કલાક ને ચાલીસ મિનિટ સત્સંગ થવો જોઈએ. અને પોતાની જે આવક હોય એનો ૧૦% ધર્માદો કાઢો. હે પ્રભુ ! આ દેહ તમે આપ્યો છે, એને પણ ભક્તિમાં વાપરવો છે.





**સ્વામિનારાયણ એટલે 'સ્વામી' અને 'નારાયણ'. સ્વામી કહેતાં - એવા અક્ષરરૂપ થયેલા સાધુ કે, જેમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે એ અક્ષરપુરુષોત્તમનું સ્વરૂપ ! એ અક્ષરપુરુષોત્તમના સ્વરૂપને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય તો મોક્ષનું દ્વાર ઉઘાડું થઈ ગયું.**

યોગ સિદ્ધ કરેલો-અષ્ટાંગયોગી પુરુષ હતા. ગોપાળાનંદ સ્વામીને જ્યારે ખ્યાલ આવ્યો કે, હવે મારો દેહ છૂટી જશે એટલે એમણે ભગતજી મહારાજ, જાગાસ્વામી અને એમની નજીકના જે ખાસ હરિભક્તો હતા એમને બોલાવીને કહ્યું કે, 'મેં તમને જે જે કોલ આપ્યા છે, જે જે વરદાન આપ્યાં છે; એ હવે જૂનાગઢના જોગી પાસે જજો તેઓ પૂરા કરશે.' જૂનાગઢના જોગી એટલે ગુણાતીતાનંદ સ્વામી. 'તેઓ અક્ષરધામ રૂપ છે, મહારાજને રહેવાનું ધામ છે. અત્યારે ભગવાન એમના દ્વારા પ્રગટ છે, એટલે એમની પ્રસન્નતા પ્રાપ્ત કરજો, તમારાં બધાં કામ થશે.' ગોપાળાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા સમજાવીને ભગતજીને અને આ બધાને જૂનાગઢ મોકલ્યા.

ભગતજી મહારાજને પોતાના ગુરુ ગોપાળાનંદ સ્વામીમાં પરમ હેત સાથે વિશ્વાસ ! હેતનું લક્ષણ જ એ. હેત એટલે જે વાત કહે એ તરત મનાઈ જાય, દલીલ ના કરે. એટલે એમની વાત માનીને બધા ગુણાતીત પાસે જૂનાગઢ ગયા. ભગતજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીએ રિયલાઈઝેશન કરાવ્યું, તેથી ભગતજી મહારાજને દઢતા થઈ કે, ભગવાનને રહેવાનું ધામ એ જ આ ગુણાતીતાનંદ સ્વામી છે. એટલે તેમણે છડેચોક ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા પ્રવર્તાવ્યો. ભગતજી મહારાજનો ભયંકર વિરોધ થયો, વિમુખ થયા. મંદિરમાંથી બહાર કાઢી મૂક્યા, પણ શૂરવીર ભક્તરાજ હતા એટલે કોઈને ગાંઠ્યા નહીં. વાતમાં જરાય મચક ના મૂકી અને ખૂબ મહિમાની કથા કરી. યાદ રાખો, જે લોકોને 'ગીતા', 'શ્રીમદ્ ભાગવત'નું જ્ઞાન નથી, સંસ્કૃત, ઉપનિષદ નથી આવડતાં, પણ ભગવાન ને ભગવાનના સાધુના ને ભક્તોનાં ગુણગાન ને મહિમા ગાશો તો પણ સાંભળનારને આનંદ થશે !

મહિમા ને ગુણગાનની વાતો આત્મસ્પર્શી હોય છે. જ્ઞાનની વાતો એ બુદ્ધિને સ્પર્શ કરે. આત્માને સ્પર્શ કરે એ વાતો આનંદ આપે, એટલે ભગતજી મહારાજ ગુણાતીતનાં ગુણગાન ને મહિમાની જે વાતો કરતા તેનાથી બધા ખેંચાતા. એમણે શાસ્ત્રીજી મહારાજને પણ આ વાત સમજાવી કે, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર છે. સહજાનંદ સ્વામી-સ્વામિનારાયણ ભગવાન મૂળ પરબ્રહ્મનું તત્ત્વ છે, પણ ગુણાતીતાનંદ સ્વામીમાં એ મૂળ પરબ્રહ્મનું તત્ત્વ પ્રગટ છે એટલે અક્ષરપુરુષોત્તમનું સ્વરૂપ ગુણાતીતાનંદ સ્વામી છે. સ્વામિનારાયણ એટલે 'સ્વામી' અને 'નારાયણ'. સ્વામી કહેતાં - એવા અક્ષરરૂપ થયેલા સાધુ કે, જેમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે એ અક્ષરપુરુષોત્તમનું સ્વરૂપ ! એટલે 'સ્વામિનારાયણ' એક શબ્દ બન્યો. કારણ કે, ગુણાતીત ભાવને પામેલા સાધુમાં પરબ્રહ્મનું તત્ત્વ; એટલે એક જ થયું અક્ષર-પુરુષોત્તમ. એ અક્ષરપુરુષોત્તમના સ્વરૂપને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય તો મોક્ષનું દ્વાર ઉઘાડું થઈ ગયું. 'વચનામૃત' ગઢડા પ્રથમ-૫૪'માં શ્રીજી મહારાજે આ વાત કહી છે. અને એ શુદ્ધ ઉપાસનાની વાત ભગતજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને એટલી જડબેસલાક સમજાવી કે, શાસ્ત્રીજી મહારાજે સંકલ્પ જ કર્યો કે, મારા જીવનનું મિશન, ધ્યેય શુદ્ધ ઉપાસના પ્રવર્તનનું જ છે. શાસ્ત્રીજી મહારાજે એના માટે બી.એ.પી.એસ. સંસ્થા સ્થાપી અદ્ભુત કામ કર્યું. અને એનાથી વિશેષ અદ્ભુત યોગીજી મહારાજ જેવા દિવ્ય પુરુષની આપણને ભેટ આપી. અમે બધા જો ભગવાનને માર્ગે ચાલ્યા હોઈએ, કંઈક સારા બન્યા હોઈએ તો યોગીજી મહારાજની પ્રાપ્તિ થઈ, યોગીજી મહારાજ વિશે પ્રેમ થયો, અને વધારે કહું તો યોગીજી મહારાજે અમને પ્રેમ કર્યો. એટલો બધો પ્રેમ કર્યો કે, અમને એમના પ્રેમમાં નવડાવીને જ શુદ્ધ કર્યા.

તમે ગંગામાં ગમે એટલી ડૂબકીઓ મારો, ગમે એટલાં તમે વ્રત, તપ, યજ્ઞો કરો, કરોડોનાં દાન કરો; પણ અંદરની સફાઈ, આંતરિક શુદ્ધિ

ભગવાનની પ્રસન્નતા વગર થતી નથી. અને એવા સાધુના હેતમાં ઝબોળાઈને તમે એના પ્રેમમાં તરબોળ બનો તો ભગવાન રાજી ! યોગીજી મહારાજે હજારો યુવાનોને પોતાના હેત-પ્રેમમાં નવડાવી, ચોખ્ખા કરી સમગ્ર વિશ્વમાં સ્વામિનારાયણ સંપ્રદાયને રમતો કર્યો. યોગીજી મહારાજે પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજ ને પોતાના ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન માટે અદ્‌ભુત કામ કર્યું ! એમણે આપણા પર અપરંપાર કૃપા વરસાવી પ્રમુખ સ્વામી, મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, ગુરુજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ ને આ સંતોની આપણને ભેટ આપી.

ભગતજી મહારાજ જ્યારે માનવરૂપે હતા ત્યારે કોઈ નહોતા ઓળખી શક્યા. ભગતજી મહારાજનું જેટલું અપમાન થયું છે એટલું અપમાન કોઈનું નહીં થયું હોય. નહીં ઓળખતા હોય તો જ ને ! કોઈ સૌરાષ્ટ્રના ભક્તે ભગતજી મહારાજના મહિમાની વાતો સાંભળી હશે, તે એમનાં દર્શન કરવા હતાં. એમણે કોઈ સંતને પૂછ્યું કે, ‘હું વડતાલ જઉં છું. ત્યાં તો બહુ માણસો હશે, તો મારે ભગતજી મહારાજને ક્યાં મળવું ? ક્યાં જવું દર્શન કરવા ?’ ત્યારે પેલા સંતે જવાબ આપ્યો, ‘જેનું અપમાન થતું હોય, છતાં જે હસતા હોય તો માનજે એ ભગતજી મહારાજ છે.’ અને એવું જ વડતાલ ગોમતી તળાવ આગળ ભગતજી મહારાજનું પાંચ-પચ્ચીસ જણા ભેગા થઈને અપમાન કરતા હતા. ભગતજી મહારાજ હસતા હસતા ઊભા હતા. પેલાએ જઈને દંડવત્ કર્યા કે, આ જ ભગતજી ! ઓળખાય નહીં, પણ તેમણે ગુણાતીતની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરી. એટલે ભગતજી મહારાજને જ્યારે મંદિરમાંથી વિમુખ કર્યા, ત્યારે કહે, ‘કોઈની તાકાત છે કે, મને વિમુખ કરે ? ખુદ સ્વામિનારાયણ ભગવાન આવે તોય હું વિમુખ થઉં એવો નથી. કારણ? મારા પર મારા ગુરુની પ્રસન્નતા એટલી બધી છે. ને મારા ગુરુ કુરાજી થાય એવો કોઈનાય અભાવ, અવગુણ, ખટપટ, માથાકૂટમાં પડું તો વિમુખ થઉં, બાકી વિમુખ ના થાઉં. કેટલી હિંમત ? ભગવાનને સાધુની ભક્તિનો કેટલો વિશ્વાસ ! તેથી તેઓ સદાય હસતા રહેતા. ભગતજી મહારાજની મહાનતા એ કે, આટલા બધા સાધુમાં એમણે ગુણાતીતને ઓળખ્યા, એમનામાં જોડાયા, એમની આજ્ઞા પાળી, એમનો મહિમા ગાયો.

ભગતજીએ ગુણાતીતની પ્રસન્નતા પ્રાપ્ત કરી. ભગતજીએ કહ્યું કે, ‘આ ઠોઠબુઠિયું જ્ઞાન નથી. ગુણાતીતની પ્રસન્નતા પ્રાપ્ત કરીને મેળવેલું છે. ગુણાતીતે અંતરથી રાજી થઈને આપેલું છે. આ સામાન્ય વસ્તુ નથી.’ એમ અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, ગુરુજી સામાન્ય સાધુઓ નથી. યોગીજી મહારાજની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરીને સાધુતા પ્રાપ્ત કરેલી છે. તેઓ જો આપણા પર રાજી થાય તો આપણે અસામાન્ય બની જઈએ. એમને રાજી કરવા માટે સમ્યક્ નિર્દોષભાવ ! એમનામાં પ્રભુ અખંડ રહ્યા છે. એમનું બોલવું-ચાલવું, હરવું-ફરવું, ખાવું-પીવું, બધું આપણને ગમે. એમનાં દર્શન ગમે, એમની પાસે બેસવું ગમે, એમની વાત સાંભળવી ગમે, એમની આજ્ઞા પાળવામાં આનંદ થાય, એમની સેવા કરવામાં આનંદ થાય, એવું આપણને હેત થાય તો તેઓ રાજી થાય. એટલે કહ્યું કે, માણસને પ્રગટની ભક્તિ અઘરી લાગે. સ્વામિનારાયણ ભગવાનને મૂર્તિમાં જુઓ એ પરોક્ષ કહેવાય, પણ એમાં અખંડ પ્રગટ છે, અને એમાં રહેલા ભગવાન આ સાધુમાં પ્રગટ છે ; એ સ્વીકાર કરતાં - માનતાં ફેણ પડી જાય. માણસ આમ સામાન્ય રીતે ભગવાનને માનતો હોય છે, પણ સત્પુરુષમાં ભગવાન રહે છે એ માનવાનું અઘરું પડી જાય.

અત્યારે આપણા પ્રાઈમ મિનિસ્ટર શ્રી નરેન્દ્રભાઈ મોદી મારા-તમારા જેવા માણસ જ છે ને ? બે પગવાળા, ચાલવું, હરવું-ફરવું,

**અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ,**
**મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી સામાન્ય સાધુઓ નથી.**
**યોગીજી મહારાજની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરીને સાધુતા**
**પ્રાપ્ત કરેલી છે. તેઓ જો આપણા પર રાજી થાય તો**
**આપણે અસામાન્ય બની જઈએ.**
**એમને રાજી કરવા માટે સમ્યક્ નિર્દોષભાવ !**





> **સાધુનો મહિમા એમની હાજરીમાં આપણે સમજીએ તો આપણે ધન્ય થઈ જઈશું.**

ખાવું-પીવું બધું આપણા જેવું છે. પણ તેઓ આવે તો ? અહોહો પ્રાઈમ મિનિસ્ટર આવ્યા ! આપણાથી જુદા છે. કારણ, તેમણે પ્રાઈમ મિનિસ્ટરની સત્તા ધારણ કરી છે. આપણા કરતાં એમનામાં વિશેષતા એ છે કે, એ પ્રાઈમ મિનિસ્ટર છે ને એનો પ્રભાવ છે, એમના માટે આપણને પ્રેમ છે. તેઓ આવે તો લાખો માણસ ખેંચાય એ પ્રભાવ છે; કારણ, પ્રાઈમ મિનિસ્ટર છે. એમ, આ સંતોએ ભગવાનની સત્તા ધારણ કરેલી છે. તેઓ પ્રભુધારક છે. જગતની સત્તાવાળો પોતાની સત્તાનો પ્રભાવ બતાવે, પણ સાધુ પ્રભાવ ના બતાવે. સાધુ સામાન્ય કરતાં પણ નીચા લૅવલે રહે કે, હું કાંઈ જ નથી, મારામાં કાંઈ નથી, મને કાંઈ આવડતું નથી, કારણ કે, ઝીરોનૅસ પર આવે ત્યારે તો ભગવાનધારક બને. એટલે એમને ઓળખવા મુશ્કેલ. એમને દિવ્ય માનવા અઘરું પડે. એવા સાધુ-ગુણાતીતને ભગતજી મહારાજે દિવ્ય માન્યા. એટલું જ નહીં, એમની આજ્ઞાથી ખંડાઈ ગયા !

શાસ્ત્રીજી મહારાજે ભગતજી મહારાજને દિવ્ય માન્યા. વિચાર કરો, ભગવાંધારી સાધુએ કે, જેણે ભગવાં નથી પહેર્યાં, ગૃહસ્થ છે એવા દરજી ભગતને-ભગતજી મહારાજને ગુરુ તરીકે માની એમની સેવા કરી. અને એ ૧૦૦ વરસ પહેલાં કે, જ્યારે અત્યારે જ્ઞાનમાં આગળ છે એવો સમાજ ત્યારે નહોતો. સાધુ કોઈને પગે ના લાગે. ભગવાંધારી હોય એ તો કોઈને પણ પગે ના લાગે. ભગતજી મહારાજને પ્રભુનું સ્વરૂપ માનીને શાસ્ત્રીજી મહારાજ એમને દંડવત્ કરે, પોતે રસોઈ બનાવીને એમને જમાડે, એમની સેવા કરે. શાસ્ત્રીજી મહારાજને ધન્ય છે ! ત્યારે એ સમયે તો બહુ અઘરું હતું. તો શાસ્ત્રીજી મહારાજ પ્રસન્નતાનું પાત્ર બન્યા !

યોગીજી મહારાજ શાસ્ત્રીજી મહારાજની એવી આજ્ઞામાં હોમાઈ ગયા તો શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ બન્યા. એમ, અશ્વિનભાઈ, શાંતિભાઈ, મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, ગુરુજી, આ બધા બાપામાં હોમાઈ ગયા, જેને કહેવાયને કે ઓગળી ગયા તો યોગીરૂપ તરીકે આપણને પ્રાપ્ત થયા છે. હવે આપણે એમનામાં ઓગળવાનું છે, યાદ રાખો ! ભગતજી મહારાજને અત્યારે ક્યાં શોધવા જવાના ? આ બધા ભગતજી મહારાજનાં સ્વરૂપો છે. ભગતજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામી પાસે જેવું જીવ્યા એવું તો કંઈ અત્યારે જીવવાનું નથી. ચૂનાની ભઠ્ઠી કરવાની નથી, નથી મરી ગયેલા કૂતરાને ખેંચવાના, નથી એંઠવાડની કૂંડીમાં નહાવા જવાનું. યુગ બદલાઈ ગયો છે. પણ એમાં જે નિર્દોષભાવ રાખવો, એમની આજ્ઞા પાળવી, એમના ભક્તોને નિર્દોષ માનીને એમની સેવા કરવી; આ તો સનાતન છે. એ કરવાનું. અને આ વસ્તુ ભગતજી મહારાજ શિખવાડીને ગયા.

યોગીબાપાનું તો જીવન જ એવું હતું. ભક્તિનું મૂર્તિમાન સ્વરૂપ હતા યોગીજી મહારાજ ! ભગવાનને અર્થે શું ના થાય ? ભગવાનના ભક્ત માટે શું ના થાય ? થાકતા નહોતા યોગીબાપા. ભગવાનના ભક્તોની સેવા કરવાની હોય, ઠાકોરજીની સેવા હોય, યોગીજી મહારાજે કદી ઊંઘ, દેહ થાક, તરસ કશું જોયું નથી. યોગીબાપાને નિર્જળા એકાદશીનો ઉપવાસ હોય તોય ૫૦-૫૦ માણસની રસોઈ બનાવીને જમાડે. યોગીબાપા પોતે નિર્જળા ઉપવાસ કરે, પણ પોતે રસોઈ બનાવીને ભક્તોને જમાડે ને પછી વાસણ અજવાળી નાખે. કેટલી ભક્તિ હશે તમે વિચાર કરો ! એક-બે દિવસ નહીં, ૪૦-૪૦ વરસ સુધી ! અને એ ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત કરી મહંત સ્વામીએ, હરિપ્રસાદ સ્વામીએ, ગુરુજીએ, અશ્વિનભાઈએ, શાંતિભાઈએ, રતિભાઈએ ! કેટલી મોટી કૃપા કરીને બાપાએ આવા સાધુઓની આપણને ભેટ આપી. એ સાધુનો મહિમા એમની હાજરીમાં આપણે સમજીએ તો આપણે ધન્ય થઈ જઈશું. સાધુનો, ભક્તોનો મહિમા સમજી ભક્તિ કરીએ એ જતન કર્યું કહેવાય. ◆

(ક્રમશઃ આવતા અંકે પૂર્ણ)



# સાધુહૃદયની પ્રાર્થનાગંગા



## હે મહારાજ ! હે સ્વામી !

હે શાસ્ત્રીજી મહારાજ ! હે યોગીબાપા !
હે સાહેબજી ! હે પ્રભુનાં પ્રત્યક્ષ સ્વરૂપો !

નૂતન વર્ષ આવે છે.
વર્ષ વીતે ને અંતરે હાશ થાય
પ્રભુપ્રત્યક્ષના યોગમાં રહી ઘણું પામ્યા
દૃષ્ટિ દિવ્ય બની... સર્વમાં પ્રભુ જોવા દૃષ્ટિ મળી
આસપાસમાં જે સૌ તે પ્રભુનાં સંબંધી
તે સૌનો પ્રેરક મારો પ્રભુ... સૌમાં કર્તા પ્રભુ
તે પરમ સત્યની દૃઢતા થઈ... સ્વીકાર થયો
આપણે પ્રભુના... પ્રભુ અમારા; તે પાકું થયું
માહાત્મ્ય ભક્તોનું વધ્યું તો પ્રભુનું વજનું થયું
પ્રભુપ્રત્યક્ષ તેમાં નિશ્ચય થયો ને દિવ્યતા થઈ
મનુષ્યભાવ નથી કેવળ દિવ્યભાવની દૃઢતા થઈ
'આ તો ! સાક્ષાત્ પ્રભુનું મંદિર...' પ્રભુ તેમાં અખંડ
આ કીર્તનપંક્તિનો સાક્ષાત્કાર થયો
અંતરે સહજાનંદની અનુભૂતિ શાશ્વત થઈ.
નૂતન વર્ષ નવા સંકલ્પે વધાવીએ
મુક્ત અક્ષર પુરુષોત્તમ મહારાજ મંદિરે બિરાજે છે.
સાથે સૌ પ્રગટ સ્વરૂપો બિરાજે છે
તે સૌનાં દર્શન થશે... સ્મૃતિ થશે... પ્રાર્થના થશે...

નૂતન વર્ષાભિવંદન !

સાહેબજીના સંકલ્પે મંદિર રચાય છે
ઉપાસનાની શુદ્ધ સમજણ સૌને દૃઢ થાય
શ્રીજી પ્રગટ... આજે પ્રત્યક્ષ તે સ્વીકારી જીવન જિવાય
તેવા શુભ સંકલ્પ તેઓશ્રીએ કર્યા ને સૌને સેવામાં જોડ્યા
સૌ અહોભાવે તે સેવાયજ્ઞમાં સમર્પિત થયા
સૌનાં તન મન દિવ્ય થયાં, લૌકિક ભાવ ટળ્યા
અલૌકિક ભાવ થયા ને અનાસક્તિ થઈ
જગત પ્રતિ વિવેકપૂર્ણ ઉદાસીનતા...
પ્રભુ પ્રતિ પરમભાવ થયા
શ્રીજી સ્વામી પ્રગટ થયા ને પ્રગટ રહ્યા
તેઓનાં દિવ્ય કાર્ય – ઉપાસનાનાં કાર્ય વહેતાં રહ્યાં
સૌનાં હૈયે પરમ પ્રાપ્તિના આનંદ ઊમટ્યા.
શ્રીજી સ્વામી રાજી તો સૌ પ્રત્યક્ષ સ્વરૂપો રાજી થયાં
આપણે સૌ સાહેબજી ને પ્રત્યક્ષનાં સંતાનો
આ સેવામાં જોડાયાં તે મહાભાગ્યવાન પુરવાર થયાં
હે પ્રભુપરમ ! હે દયાળુ !
આ અહોભાવ ને મહિમાનો દરિયો
અખંડ હૈયે ઊછળતો રહે... સેવા થતી જ રહે
તેવી કૃપા કરો... હૈયે તે માટે ભક્તિ શક્તિ રહો
તેવી નૂતન વર્ષની અમ સૌની યાચના ! પ્રાર્થના-સંકલ્પ
પૂર્ણ કરો ! પૂર્ણ કરો... પ્રભુ ! પૂર્ણ કરો ! ◆

બ્રહ્મજ્યોતિ. ૩.૧૦.૨૦૧૯





~ સદ્‌ગુરુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

વચનામૃત મર્મ : ગઢડા પ્રથમ પ્રકરણ -૬૮,

'અષ્ટ પ્રકારની પ્રતિમામાં અને સંતમાં અખંડ રહ્યાનું'નું નિરૂપણ

૨૦ માર્ચ ૨૦૧૮, વચનામૃત પારાયણ, ઉપાસના ધામ, વેમાર

# અનુપમની હે અમૃતધારા...!

(ગયા અંકથી ચાલુ...)

**શ્રી** અક્ષરપુરુષોત્તમની ઉપાસનામાં બહુ અઘરા શબ્દોને બહુ સહેલા કરીને સમજાવ્યા છે. 'બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ઉપાસના કરવી.' મૂર્તિ દ્વારા અને મૂર્તિ જેમણે પધરાવી છે તે સંત દ્વારા આપણે બ્રહ્મરૂપે રહેતા થવાનું છે અને પરબ્રહ્મ પરમાત્માને ધારણ કરવાના છે; એવી ભક્તિ આપણે કરવાની છે. પણ શરૂઆત નવધા ભક્તિથી થાય છે. નવધા ભક્તિનો ભાવ અર્પણ કરવા માટે મૂર્તિ પ્રતીક સ્વરૂપે પધરાવી છે.

મનની અંદર ઊતરીને, ઇન્દ્રિયો-અંતઃકરણને ભગવાનના સ્વરૂપ સાથે જોડવી, ભગવાનની મૂર્તિઓ સાથે જોડવી; એના માટેનું જે સ્થાન એ મંદિર. આપણને કોઈ પૂછે કે, 'ક્યાં જાવ છો ?' તો કહીએ, 'મંદિરે.' કેટલો સુંદર જવાબ કે, 'મંદિરે જઈએ છીએ !' ભગવાનને ધારીને રહ્યા છે એવા મારા ગુરુએ જ્યાં ભગવાનને પધરાવ્યા છે, એ ભગવાનની સાથેનો મારો ભાવ જોડવા, એમની સાથેનો મારો સંબંધ દૃઢ કરવા મંદિરે જઈએ છીએ. શ્રી સ્વામિનારાયણ ભગવાને 'શિક્ષાપત્રી'માં પણ આજ્ઞા કરી છે કે, પોતાના ઘરની નજીક ભગવાનનું મંદિર હોય તો પ્રાતઃ કાળે અને સાયંકાળે દેવમંદિરે જઈને ભગવાનનાં દર્શન કરવાનો નિયમ રાખવો.

અહીંયાં વેમારમાં ભક્તો ગામથી છેક પાદરે મંદિરે આવીને નિત્ય સવારમાં દર્શન કરે, ધૂન કરે, કીર્તન કરે, સાંજે સંધ્યા-વંદના કરે, સત્સંગ થાય; એ નિયમ છે. અને નિયમ એક નિસરણી છે, એ નિયમના આધારે એક એક ડગલું નવધા ભક્તિનું ઉપર ચડતું જવાય છે. નિયમ ના રાખ્યો હોય તો ઠેકાણું ના રહે, એટલે નિયમ તો રાખવો જોઈએ. જાણીને આનંદ થાય છે કે, એકાદશીએ, પૂનમે, આજુબાજુના વિસ્તારનાં ગામોમાંથી હરિભક્તો પદયાત્રા કરીને અહીં મંદિરે આવે છે. એનો એમને એક આધાર થઈ ગયો છે, નિયમ થઈ ગયો છે. શ્રવણમ્, કીર્તનમ્‌થી શરૂ કરીને છેલ્લે આત્મ નિવેદનમ્ - 'હું પ્રભુનો ને પ્રભુ મારા, મારું જીવન તમને અર્પણ કરી દીધું', એવા ભક્તિના શ્રેષ્ઠ ભાવ સુધી પહોંચવાની નવધા ભક્તિ વૈષ્ણવી પરંપરાનાં આપણાં શાસ્ત્રોએ બતાવી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ એ જ નવધા ભક્તિની પરંપરાને અનુસર્યા અને પોતાના ભક્તોને ભક્તિના માર્ગે ચલાવવા માટે એમણે શિખરબદ્ધ મંદિરો કરી એમાં ભગવાનની મૂર્તિઓ પધરાવી. ગામોગામ એમની હયાતીમાં એમણે જે મંદિરો કર્યાં, એમાં પણ એમણે ભગવાનનાં વિવિધ સ્વરૂપો પધરાવ્યાં. એમાંનું એક સ્વરૂપ એમણે ગઢડામાં 'શ્રી વાસુદેવ નારાયણ'ના સ્વરૂપે પધરાવ્યું. એ મંદિરના ચોકમાં-દાદા ખાચરના દરબારમાં લીમડાના વૃક્ષ હેઠળ બેસીને ભગવાનની મૂર્તિના માહાત્મ્યની આ વાત તેઓ કરી રહ્યા છે કે, 'ભગવાનના મંદિરમાં જે મૂર્તિ પધરાવી છે એમાં હું અખંડ રહ્યો છું, અને એ મૂર્તિના માધ્યમ દ્વારા અને મારા બ્રહ્મસ્વરૂપ સંતના માધ્યમ દ્વારા હું તમને સર્વને જોઉં છું તથા તમારા સર્વની વાતને સાંભળું છું.'

આપણને બધાને પણ આ મૂર્તિઓ માટે એવો ભાવ છે, આપણને એટલી તો ખબર છે કે, ભગવાન સાંભળે છે અને એટલે તો આપણે અહીંયાં આવીને જાતજાતની અરજીઓ નાખીએ છીએ. આપણે એવું માનીએ છીએ કે, આ મૂર્તિ દ્વારા ભગવાન જુએ છે, સાંભળે છે અને જે પાંચ ઇન્દ્રિયો દ્વારા આપણે જીવીએ છીએ, એ પાંચેય ઇન્દ્રિયો સહિત આપણા ભાવનો તેઓ સ્વીકાર કરે છે. એટલે તમે પાટોત્સવના દિવસે

જરા ધ્યાનથી જોજો. પુરોહિતો પૂજા કરાવે ત્યારે ભગવાનની પાંચેય ઇન્દ્રિયોને સ્પર્શ કરાવડાવે છે. એમના નેત્રને, એમના કર્ણને, એમના હોઠને સ્પર્શ કરાવે અને એમ એમના ચરણથી માંડીને મસ્તક સુધીની બધી ઇન્દ્રિયોમાં શક્તિનો સંચાર થાય છે, પ્રાણનો સંચાર થાય છે. એ મૂર્તિ જીવંત છે, એવો ભાવ લાવવાની આ જે વિધિ છે, એને આપણે પ્રાણપ્રતિષ્ઠા વિધિ કહીએ છીએ – મૂર્તિમાં પ્રાણ આવ્યો. જયપુરમાં કારીગરોએ જ્યાં સુધી ટાંકણે કોતરીને એ મૂર્તિને કંડારી ત્યાં સુધી એ પથ્થર હતો. એને ટ્રાન્સપૉર્ટમાં લઈ આવ્યા, ગમે તે માણસોએ ગમે તેવા હાથથી, ગમે તેવા ભાવથી એની જોડે કામ કર્યું, વ્યવહાર કર્યો. પણ પછી એ અહીંયાં પધરાવીને જ્યારે સંતભગવંત સાહેબદાદાએ, પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીએ સ્વયં પધારીને એમાં પ્રાણનો સંચાર કર્યો ત્યારે એ મૂર્તિ જીવંત થઈ ગઈ. અને આપણા માટે આપણી મનોકામનાઓ, આપણી અરજીઓ રજૂ કરવાનું એક ઠેકાણું થઈ ગયું. એટલે અહીં મૂર્તિ સમક્ષ કહેવું, જે હોય તે કહેવું. એની સાથે વઢવું, ઝઘડવું, બાખડવું; જે કંઈ પણ હોય તે કહેવું, પણ એવી શ્રદ્ધાએ સહિત કહેવું કે, તે સાંભળે છે. એટલે પહેલાં આવી સકામ ભક્તિ અને એમાંથી પછી નિષ્કામ ભક્તિ !

સાકાર ભક્તિ – સાકારની ઉપાસનાની સાથે જોડાય છે સકામ ભક્તિ. જે કંઈ પણ મનોકામનાઓ–મનોરથ છે તે પ્રભુ પૂર્ણ કરે અને પૂર્ણ થાય તો માનતા પૂરી થઈ કહેવાય. પછી માનતા રાખી હોય તે પ્રમાણે આપણે એની પૂર્તિ કરી દઈએ. એક મજાની વાત કરું. એક માજીનો દીકરો બીમાર હશે તેથી તેમણે બાધા–માનતા રાખી કે, 'જો મારો દીકરો સાજો થઈ જાય તો આભ જેટલી રોટી હું તમને ચડાવીશ.' 'આભ જેટલી રોટી' બોલવામાં ક્યાં પૈસા પડે છે ! અને સાચે જ, તેમણે જે મનોકામના કરી હતી તે ભગવાને સાંભળી. ભલે મૂર્ત રૂપમાં હોય કે અમૂર્ત રૂપમાં હોય પણ છે તો બધે ભગવાન જ. ભગવાનનો ભાવ લાવીને જ માજીએ પોતાના પુત્રના આરોગ્ય માટે પ્રાર્થના કરી તો દીકરો સાજો થઈ ગયો. હસતો–રમતો, ખેલતો–કૂદતો, ગામમાં તોફાન–મસ્તી કરતો થઈ ગયો. એટલે આડોશી–પાડોશીઓ માજીને યાદ કરાવે કે, 'પેલી માનતા પૂરી કરી ?' તમે જુઓ, આપણું કામ થઈ જાય પછી આપણે મુદત નાખીએ છીએ કે, જઈશું, સગવડ થશે ત્યારે કરીશું, એ બોલાવશે ત્યારે જઈશું. પણ હું કબૂલ કરી આવ્યો છું, એ આપણે ધ્યાનમાં લેતા નથી. બહુ બધા આડોશી–પાડોશીએ પૂછવા માંડ્યું એટલે માજીએ કહ્યું, 'મારે રોટી તો ચઢાવવી છે, પણ એવડી તાવડી શોધું છું, તાવડી મળે તો રોટી શેકું ને!' બોલો હવે આ ભગતને શું કહેવું ? ક્યારેક ઓછા–વધતા અંશે આપણે પણ આવા જ છીએ.

મૂળ વાત પર આવીએ તો ભગવાને શાસ્ત્રની વાત કરી કે, ‘***શાસ્ત્રમાં પણ એવાં વચન છે જે, ‘શુકજી વૃક્ષમાં રહીને બોલ્યા હતા.’ માટે મોટા જે સત્પુરુષ હોય અથવા જે પરમેશ્વર હોય તે જ્યાં ઇચ્છા આવે ત્યાં પ્રવેશ કરે છે.’*** અહીંયાં શુકદેવજીને સંભાર્યા છે. સાહેબદાદાનું બહુ આદર્શ ને પ્રિય પાત્ર શુકદેવજી ! અમને સાધકોને, સંતોને સાહેબદાદા એમ કહે કે, ‘શુકદેવજી આપણા આદર્શ છે.’ સાધુ થયા, સંન્યાસી થયા, પણ કેવા થવું ? તો શુકદેવજી જેવા થવું. શુકદેવજી ભગવાન વેદવ્યાસના પુત્ર હતા. એમને ભગવાન ભજવા હતા એટલે ગૃહત્યાગ કરીને નીકળી ગયા. જન્મજાત સાધુ ! ભગવાનની સાધનાનો મંત્ર સાથે લઈને આવ્યા હતા એટલે એમણે ગૃહત્યાગ કર્યો. ભગવાન વેદવ્યાસને ખબર પડી કે, દીકરો ભગવાનને શોધવા માટે નીકળ્યો છે, એટલે એમણે પોકાર કર્યો કે, ‘શુકદેવજી જ્યાં હોવ ત્યાં ઊભા રહો, અને ઘરે પાછા આવો.’ ત્યારે આવા મૉબાઈલ નહોતા, પણ મૉબાઈલનો ટાવર જેમ કામ કરે છે અને સંદેશા મોકલે છે, એમ બ્રહ્મ વ્યાપક છે એ વાત આ દૃષ્ટાંત દ્વારા શાસ્ત્રમાં સમજાવી છે. શુકદેવજી જોજન દૂર નીકળી ગયેલા, એમણે એમના પિતાજીનો અવાજ સાંભળ્યો કે, પિતાજી મને પાછો બોલાવી રહ્યા છે. પણ શુકદેવજી પાછા ના આવ્યા. શુકદેવજી પણ એવા હતા કે, ત્યાં રહ્યા રહ્યા એમણે પણ એવી રીતે જાણે મૉબાઈલ પર જવાબ આપી દીધો. શાસ્ત્રોની કથા એમ કહે છે કે, પાંદડે પાંદડે એ શબ્દોનાં આંદોલનો છે. હવે તો બધું બહુ શોધી કાઢ્યું છે ફિઝિક્સે કે, બોલેલા શબ્દો આ વાતાવરણમાં એનાં આંદોલનો દ્વારા વર્ષો સુધી સચવાઈ રહે છે. અને હવે તો ભગવાન શ્રીકૃષ્ણે 'ભગવદ્ ગીતા'ની જે વાણી ઉચ્ચારી, એ વાણીના શબ્દોને પાછા માધ્યમમાં લાવવાની શોધખોળ ચાલી રહી છે. કારણ કે, બ્રહ્માંડમાં એ નાદબ્રહ્મ હજુ ગૂંજી રહ્યો છે, પણ એને રિસિવ કરવા માટેનું રિસીવર હજુ આપણી પાસે નથી એટલે આપણે આ શાસ્ત્રનો આધાર લઈએ છીએ.

ભગવાને કહ્યું છે કે, ‘હું મારી મૂર્તિ દ્વારા, મારાં શાસ્ત્ર દ્વારા, મારાં વચન દ્વારા, મારા સંતો દ્વારા અને મારા ભક્તો દ્વારા પ્રગટ છું. એટલે સૌનાંય હૃદયમાં, ચિદાકાશમાં સદાને માટે બિરાજમાન છું.’ આમ, ભગવાન સર્વ ઠેકાણે છે. આપણે કહીએ છીએ કે, ‘ઘટઘટમાં ને કણકણમાં પ્રભુનો વાસ છે.’ એમ સંતોએ પણ પોતાના કીર્તનમાં, પોતાની ભક્તિના ભાવમાં, ભગવદ્ભાવમાં આ બ્રહ્મભાવનું દર્શન કરાવ્યું છે.

તો શુકદેવજી જવાબ મોકલે છે કે, ‘ભગવાનને માર્ગે નીકળ્યો છું તો હવે પાછો ઘરના માર્ગે પાછો વળીશ નહીં.’ એટલે ફરી પાછા વ્યાસજી એમ કહે છે કે, ‘ભલે, પણ જો ભગવાન મેળવવા હોય તો ગુરુ જોઈશે.’

આટલાં બધાં શાસ્ત્રોના રચયિતા જેના પિતા છે, તે પુત્ર પણ ભગવાનની શોધમાં ગુરુ કરવા માટે અને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે નીકળે છે. ફરીથી વ્યાસજી એમ કહે છે કે, 'ઠીક છે, તો જનકને તું ગુરુ કરજે.' જનક રાજા હતા. રાજપાટ કરતા હતા. પાંચ ઇન્દ્રિયોના માધ્યમ દ્વારા ક્રિયા કરતા હોવા છતાંય પણ એ વિદેહી અવસ્થાને પામી ગયા હતા, બ્રહ્મભાવને પામી ગયા હતા.

પણ તમે જુઓ, અહીંયાં ભગવાન શ્રી સ્વામિનારાયણ શુકદેવજીને સંભારે છે. ગૃહસ્થ હોઈએ કે સંન્યાસી હોઈએ, એ શુકદેવજી આપણા સૌનાય આદર્શ છે. રાજા પરીક્ષિતને જ્યારે ઋષિનું અપમાન કરવાથી શાપ થાય છે કે, સાત દિવસમાં મૃત્યુ થવાનું છે, ત્યારે રાજાને ભગવદ્ અનુભૂતિ કરવી છે અને મોક્ષને પ્રાપ્ત કરવો છે. એટલે રાજા કહે છે કે, 'કો'ક ગુરુ શોધી લાવો, સાધુ શોધી લાવો કે, જે મને ભગવદ્ અનુભૂતિ કરાવે અને મોક્ષ કરાવે.' આપણે સૌ જાણીએ છીએ અને ભાગવતની કથા છે કે, કેટલા બધા સાધુ-સંન્યાસીઓ, વૈરાગી બાવાઓ, આ સંસારમાં હતા, પણ સુજ્ઞજનો શુકદેવજીને નિમંત્રી લાવ્યા. એટલે સાહેબદાદાએ શુકદેવજીને પોતાના આદર્શ માન્યા કે, એવા સંત બનવું કે, જે પોતે બ્રહ્મરૂપે રહીને પરબ્રહ્મની ઉપાસના કરતા હોય. શુકદેવજી બ્રહ્મરૂપે રહીને પરબ્રહ્મની ઉપાસના કરતા હતા અને તો એ સંસારમાં રચ્યાપચ્યા અને ઋષિનું અપમાન કરવાનો અવિવેક કરનારા રાજાનો પણ મોક્ષ કરી શક્યા.

***...શુકજી વૃક્ષમાં રહીને બોલ્યા હતા. માટે મોટા જે સત્પુરુષ હોય અથવા પરમેશ્વર હોય તે જ્યાં ઇચ્છા આવે ત્યાં પ્રવેશ કરે છે...*** આગળ આવ્યું સમાધિનિષ્ઠ. બીજો ગુણ આવ્યો 'મોટા સત્પુરુષ'. સત્પુરુષ - સત્યરૂપ પરમાત્મા સાથે જેનું અખંડ અનુસંધાન છે એ સત્પુરુષ. સત્યના માર્ગે ચાલે છે ને ચલાવે છે તે સત્પુરુષ. સત્પુરુષની વ્યાખ્યા કરવી હોય તો અનેક શબ્દોનો આધાર આપણને મળે, પણ અહીંયાં સત્યપુરુષ - સાચા પુરુષ છે. એમનામાં કશું અસત્ય છે નહીં. અને સત્ય એક જ છે, 'બ્રહ્મ સત્ય, જગત મિથ્યા.' એવું પણ જ્ઞાન આપણે સાંભળ્યું છે. બ્રહ્મ સત્ય છે અને બાકીનું બધું જે જગત છે એ મિથ્યા છે, એટલે કે, સ્વપ્નવત્ છે. બ્રહ્મ સત્ય છે એટલે કે, એવા જે બ્રહ્મસ્વરૂપ છે એ સત્પુરુષ છે- સાચો માણસ છે, સારો માણસ છે, ઓળખવા જેવો છે, સંગ કરવા જેવો છે. સાહેબદાદા માટે આપણે આ બધાં વિશેષણો વાપરી શકીએ. સારો માણસ છે, મળવા જેવો માણસ છે, જાણવા જેવો માણસ છે. અને એનાથી આગળ, માણવા જેવો માણસ છે. જાણવું એ જુદું છે, પણ જેનું સાંનિધ્ય માણવા જેવું છે, એ છે સત્પુરુષ !

***...માટે તે પરમેશ્વરે પોતાની આજ્ઞાએ કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય તે મૂર્તિ અષ્ટ પ્રકારની કહી છે. તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને વિરાજમાન રહે છે. તે મૂર્તિને જે ભગવાનનો ભક્ત પૂજતો હોય, ત્યારે જેમ પ્રત્યક્ષ ભગવાન વિરાજતા હોય અને તેની મર્યાદા રાખે તેમ તે મૂર્તિની પણ રાખી જોઈએ અને તેમ જ સંતના હૃદયમાં ભગવાનની મૂર્તિ રહી છે તે સંતની પણ મર્યાદા રાખી જોઈએ...***

જુઓ ભગવાન અને સંત... ભગવાન અને સંત... ભગવાન અને સંત... 'વચનામૃત'નાં પાને પાને શ્રીહરિએ સંતના મહિમાની વાત કરી છે. અને આપણે ભાગ્યશાળી છીએ કે, એવા બ્રહ્મસ્વરૂપ સંત આપણને પ્રાપ્ત થયા છે. એના અનુસંધાનમાં આવે એવા આ 'પ્રથમના ૬૮ના વચનામૃત'થી આપણે વચનામૃતના પારાયણની શરૂઆત કરીએ છીએ. આની આ વાત બીજા વચનામૃતોમાં, બીજા શબ્દો દ્વારા ભગવાને વારે વારે કહી છે એટલે આ વાત અગત્યની છે અને આત્મસાત્ કરવા જેવી છે. અને કહ્યું કે, ***'જે ભગવાનના સંત છે તેના હૃદયમાં પણ ભગવાનની મૂર્તિ રહી છે. તો જેમ ભગવાનની મૂર્તિની મર્યાદા રાખીએ છીએ, તેમ સંતની પણ મર્યાદા રાખી જોઈએ.'*** તે તો એ ભક્ત લેશમાત્ર રાખતો નથી.

આપણી વાત કરે છે. લેશમાત્ર - જરીકેય નહીં. અમને શું ફેર પડે છે ? તમે હોવ કે ના હોવ, અમે તો બંદા અમારી રીતે જ જીવવાના, એની આ વાત નથી - પણ ભક્તની વાત છે. અને જે ભક્ત છે તો એનામાં જે પ્રાથમિક ગુણો, એ પ્રાથમિક ગુણોમાં માહાત્મ્ય એ પાયો છે. ભગવાનની મૂર્તિનું માહાત્મ્ય ! ભગવાનના સંતનું માહાત્મ્ય ! તો પછી ભગવાનના ભક્તના માહાત્મ્ય સુધી પહોંચી શકાય છે. ને ખરી પ્રાપ્તિ તો ભગવાનના ભક્તના માહાત્મ્ય સુધી પહોંચવાની છે. એટલે લેશમાત્ર - સહેજ - થોડીકેય મર્યાદા રાખતા નથી. કેમ ? કારણ, એટલી બધી નજદીકતા થઈ ગઈ છે. અને એ નજદીકતાને અંગ્રેજીમાં કહે છે ને કે 'ટેઈક ઈટ ફોર ગ્રાન્ટેડ' એમ આપણે માની લીધું છે, આપણને ફાવી ગયું છે.

બધા ગાદીપતિઓના સત્સંગમાં તમે જાવ તો - વલ્લભકુળનાં સંતાનો જે ગાદી પર બિરાજમાન હોય એમના ભકતોને વૈષ્ણવો કહેવામાં આવે છે. એમના વૈષ્ણવો એમની એટલી બધી મર્યાદા રાખે, એટલી બધી આમન્યા રાખે ; એ મર્યાદા ને આમન્યામાંથી જ પૂજ્યભાવ પ્રગટે છે. તેઓ આપણા ખભે હાથ મૂકે એ વાત જુદી છે, એ એમનું

વાત્સલ્ય છે. પુત્રવત્ આપણને તેઓ પ્રેમ આપે છે કારણ, તેઓ આપણા પિતા તુલ્ય છે, એ આપણા માવતર છે. એ આપણા ખભે હાથ મૂકે તો એ એમણે એમનું વહાલ વરસાવ્યું કહેવાય, પણ આપણે ભાઈબંધ સમજીને એમના ખભા ઉપર હાથ ના મૂકાય. આ ખાલી નિમિત્ત દૃષ્ટાંત છે. પણ એમની આમન્યા રાખવી પડે, એમની મર્યાદા રાખવી પડે! એનો અર્થ એવો નથી કે, એમનાથી બીને છેટે છેટે રહેવાનું. એમાંય આપણા સાહેબદાદા તો ભગવાં વસ્ત્ર વગરના, કોઈ પ્રકારનો આચાર્યપદનો ઠાઠમાઠ નહીં અને કોઈ આગળ-પાછળ છડી પોકારીને કે છત્રી લઈને ચાલનારા નહીં. આપણા જેવા જ થઈને આપણી વચ્ચે રહે એટલે આપણે બહુ જ ભૂલ-થાપમાં પડી જઈએ. આપણા પક્ષે બહુ મોટી ખોટની આ વાત છે.

અહીંયાં સ્વામિનારાયણ ભગવાને ચિત્રપ્રતિમાની, પાષાણ પ્રતિમાની, કાષ્ઠ પ્રતિમાની પણ જો આટલી મર્યાદા રાખવાની કહી હોય તો જીવંત પ્રતિમા, જંગમ તીર્થ, હરતું-ફરતું તીર્થ, ભગવાનને લઈને, એ જ્યાં જાય ત્યાં તીર્થત્વ ઊભું થાય - એમણે આ તીર્થ રચ્યું. એમનાં પગલાં થયાં એ જંગમતીર્થ છે. એમનાં પગલાં થયાં તો આ સ્થાવર તીર્થ રચાઈ ગયું અને આપણને સૌનેય આ ભગવાનની મૂર્તિ સાથે જોડ્યા. પણ કોઈ જાતનો ઠાઠમાઠ, કશુંય કર્યા વગર આપણા જેવા થઈને, આપણી વચ્ચે એમ ને એમ આવે, આપણા જે ભાવ હોય એ ભાવ પ્રમાણે પોતે સામે ભાવ આપે, હેત-પ્રેમ બધું કરે. પણ રખે આપણે ભૂલમાં ના રહી જઈએ, ભૂલમાં ના પડી જઈએ. ભગવાનને ધારક તેઓ પરમ તત્ત્વ છે, ચેપી ચૈતન્ય છે. આપણને અડક્યું તો આપણે ધન્ય થઈ ગયા ! બહુ થઈ ગયું, બસ થઈ ગયું ! આવા ભાવથી જ્યારે આપણે એમનાં દર્શન, સ્પર્શન, પ્રસાદી અને વાતોના માધ્યમથી જો સુખ લઈએ તો ભક્તો માટે આ બહુ અગત્યની વાત છે.

આપણો સત્સંગ એટલી બધી ઊંચી ભૂમિકાએ જીવી રહ્યો છે કે, શાંતિદાદાએ આંખમાં ઝળઝળિયાં સાથે બહુ સુંદર એક વાત કરી, એનો ઉલ્લેખ કરવાનું મન થાય છે. હમણાં સંતોને દક્ષિણ ભારતની યાત્રાએ જવાનો કાર્યક્રમ ગોઠવાયો હતો. સાહેબદાદા અને સાહેબના નિજ સેવકો સાથે પ્લૅનમાં બુકિંગ થઈ ગયું હતું. એમાં સાહેબને ઓચિંતાનું લંડન જવાનું થયું. એટલે સાહેબદાદાએ શાંતિદાદા અને બાકીના સંતોને મોકલ્યા. મુખ્ય નિમંત્રણ આપનારા પ્રૉમિસભાઈ ચેન્નાઈ-મદ્રાસના, એમનો નવો આવાસ તૈયાર થયો ને સાહેબદાદાએ બહુ વખત પહેલાં એમને પ્રૉમિસ કરેલું કે, હું આવીશ. અને એ પ્રમાણે સાહેબદાદાની અનુમતિથી જ કાર્યક્રમ ગોઠવાયો, પણ સાહેબદાદા જઈ ના શક્યા. ત્યારે શાંતિદાદા અને આવેલા સંતોને વિશે સાહેબ જ પધાર્યા છે એવા ભાવથી એ દક્ષિણ ભારતના ભક્તોએ સત્સંગ કર્યો.

ફોનથી તો સાહેબદાદાએ પ્રૉમિસભાઈને કહ્યું કે, 'સોરી, હું આવી નથી શક્યો, પણ પછીથી જરૂર આવીશ.' પેલાએ કહ્યું, 'સાહેબદાદા, કંઈ વાંધો નહી, શાંતિદાદા આવ્યા છે ને એટલે તમે જ આવ્યા છો.' શાંતિદાદાને ફ્લાઈટ ઉપર મૂકવા માટે જ્યારે આવ્યા, ત્યારે કહ્યું કે, 'સૉરી બેટા ! તારા સંકલ્પ પ્રમાણે સાહેબદાદા આવી ના શક્યા, પણ એમની આજ્ઞાથી અમે આવ્યા ને હાંહાંગડથલ કરી.' તો પેલો ભક્ત એમ કહે છે કે, 'હું એવું માનતો જ નથી કે, સાહેબદાદા આવ્યા નથી.' આ સાંભળીને શાંતિદાદાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. શાંતિદાદાને વિશે આ ભક્તે આવો ભાવ ધર્યો. અહીંયાં કહે છે ને કે, 'એનામાં પ્રવેશ કરે છે...' આ વાત સમજજો. સાહેબદાદા સદેહે જઈ નહીં શક્યા, પણ એમણે શાંતિદાદામાં પ્રવેશ કર્યો અને ભક્તનો મનોરથ પૂરો કર્યો. અને એ ભક્ત પણ બોલ્યો કે, 'હું માનતો જ નથી કે, સાહેબદાદા આવ્યા નથી.'

ત્યારે સ્વાભાવિક છે કે, શાંતિદાદાને તો એવું થાય કે, 'હું કાંઈ ઓછો સાહેબ બરોબર છું, કે હું આવ્યો એટલે સાહેબ આવ્યા ?' પણ ધન્ય છે આ ભક્તોને કે, આવો ભાવ રાખે છે ! કેટલી સમજણ આગળ વધી છે ! કેટલી સમજણ આધ્યાત્મિક રીતે ઊંચાઈને પામી છે ! એ 'બ્રહ્મ સર્વ વ્યાપક છે', એ સમજણ તરફ આપણે આગળ વધી રહ્યા છીએ. અને ત્યારે આપણે સાવ આવા બાળકની માફક એમની સાથે વર્તીએ તો એમના દ્વારા જે બ્રહ્મતત્ત્વ પ્રાપ્ત કરવાનું છે, એમના શરીરના માધ્યમ દ્વારા જે બ્રહ્મસ્પર્શ પામવાનો છે, તેનાથી આપણે વંચિત ના રહી જઈએ ; એની ચિંતા થાય છે.

સાહેબ તો ઘણી વખત ગમ્મતમાં કહે કે, 'કેટલાક તો અમને એવું કહે છે, તમે તો અમને 'જય સ્વામિનારાયણ' પણ નથી કહેતા.' એ આપણો ભાવ છે અને આપણી અપેક્ષા છે કે, અમે જઈએ એટલે અમને બોલાવે. અને તોય તમે જુઓ, કોઈ પણ મહેમાન આવે એટલે સાહેબ શું કહે ? 'જમ્યા ?' સૌથી પહેલું આ પૂછે. 'ઊતારો કર્યો ?' એવું નથી પૂછતા કે, 'ઠાકોરજીનાં દર્શન કર્યાં ?' ખરેખર તો મંદિરે આવનારા દર્શનાર્થીએ સૌથી પહેલાં ઠાકોરજીનાં દર્શન કરવાનાં હોય પછી રહેવા-જમવાની વ્યવસ્થાની ચિંતા કરવાની છે. આ ભક્તિનો ભાવ આપણે શીખવાનો છે !

◆

(ક્રમશઃ)



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ સપ્ટેમ્બર, રવિવાર...** સવારે શિકાગોથી પધારેલ અર્ચનાબહેનને તેમજ અમદાવાદથી પધારેલ તેઓના મિત્ર વાસ્તુશાસ્ત્રી સંતોષભાઈને સત્કાર્યાં. યોગી વિદ્યાપીઠમાં પધારી 'સહજાનંદ કલાસાધના તીર્થ' અંતર્ગત મ્યુઝિક ક્લાસની શુભ શરૂઆત કરી સૌ શિક્ષકો તેમજ કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવ્યા. નૂતન મંદિરના નિર્માણકાર્ય નિમિત્તે યોજેલ મીટિંગમાં પધારી સૌ કાર્યકર્તાઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું. વલ્લભવિદ્યાનગરમાં શ્રી શંકરલાલ હીરાલાલ મંડોરાના અમૃતપર્વની સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૨ સપ્ટેમ્બર, સોમવાર...** સવારે નાની વાવડી (મોરબી)થી પધારેલ જયેશભાઈ તથા પરિવારને તેમજ યુ.એસ.એ.થી પધારેલ જાનકીબહેન તથા પરિવારના મુક્તોને સત્કાર્યાં તેમજ આશીર્વાદ પાઠવ્યા. સાંજે વડોદરાથી પધારેલ ડૉ. અમીબહેન તથા પરિવારજનોને મુલાકાત આપી.

**૩ સપ્ટેમ્બર, મંગળવાર...** સવારે યુ.એસ.એ.થી પધારેલ અર્ચનાબહેન અને અમદાવાદથી પધારેલ સંતોષભાઈને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે અમદાવાદથી પધારેલ ઈલુબા તેમજ દીકરી નિમિશાબહેન-મિલનકુમાર આદિને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો. નિમિશાબહેનનો દીકરો મંથન વધુ અભ્યાસ અર્થે યુ.કે. જતો હોવાથી તેને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા. સાંજે ડૉ. સોહમભાઈ-ડૉ. અર્ચનાબહેનને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૪ સપ્ટેમ્બર, બુધવાર...** બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરી સ્થાનિક ભક્તોને સત્સંગનો લાભ આપ્યો.

**૫ સપ્ટેમ્બર, ગુરુવાર...** સાંજે વ્રતધારી સંતો, સ્થાનિક ભક્તો સાથે નૂતન મંદિરના નિર્માણ સંબંધી ગોષ્ઠિમાં માર્ગદર્શન આપ્યાં.

**૬ સપ્ટેમ્બર, શુક્રવાર...** વડોદરાથી શેતુલભાઈ ચૌહાણ-રાજેશ્રીબહેનને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. ખંભાતથી કે. બી. પટેલ, મીરાંબહેન તથા અમદાવાદથી પ્રશાંત પોપટ સપરિવાર દર્શનાર્થે પધાર્યા તે સૌને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે સુરતથી પધારેલ રાજુભાઈ ગોટીને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૭ સપ્ટેમ્બર, શનિવાર...** સવારે અમદાવાદથી પધારેલ કલ્પેશભાઈ વ્યાસ તથા પરિવારજનો તેમજ કોઈમ્બતુરથી પધારેલ સાવિત્રીબાને સત્કાર્યાં. સાંજે જિતુભાઈ પોપટનાં સ્નેહીજનોને 'ઉપાસના'માં ગોષ્ઠિનો લાભ આપ્યો. બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૮ સપ્ટેમ્બર, રવિવાર...** પારમિતા મંદિરે વડોદરા નિવાસી અ.નિ. ઉષાબહેન પંડ્યાની ત્રયોદશી મહાપૂજામાં ઉપસ્થિત સૌ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. વલ્લભવિદ્યાનગર નિવાસી રાજુભાઈનો દીકરો સાગર વધુ અભ્યાસ અર્થે યુ.એસ.એ. જતો હોવાથી તેને આશીર્વાદ પાઠવ્યા. સાંજે વડોદરાથી પધારેલ ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૯ સપ્ટેમ્બર, સોમવાર...** સવારે અમદાવાદથી પધારેલ પંકજભાઈ પટેલ તથા રેણુકાબહેનને સત્કાર્યાં. વલ્લભવિદ્યાનગર નિવાસી જયંતીભાઈ ઠક્કરના સ્વાસ્થ્યલાભ માટે તેઓના ઘરે પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી.

**૧૦ સપ્ટેમ્બર, મંગળવાર...** સવારે પારમિતા મંદિરે શ્રી ઠાકોરજીનાં દર્શન કરીને તેમજ સૌ સ્થાનિક ભક્તોને આનંદ કરાવીને વડોદરા ઍરપૉર્ટ પ્રતિ પ્રયાણ કર્યું. વડોદરા ઍરપૉર્ટથી ફ્લાઈટમાં દિલ્હી પધાર્યા. દિલ્હી ઍરપૉર્ટ ઉપર ડૉ. મનોજભાઈ સોની, વાલિયાસાહેબ, વિનયભાઈ આદિ મુક્તોએ સત્કાર્યા. ઍરપૉર્ટથી મનોજભાઈ સોનીના ઘરે પધાર્યા. સાંજે તેઓના ઘરના પ્રાંગણમાં યોજેલ સ્વાગત-મિલન સભામાં પધારી સૌ ઉપસ્થિત માનવંતા મહેમાનો અને ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૧ સપ્ટેમ્બર, બુધવાર...** સવારે મનોજભાઈના ઘરે પ્રાતઃપૂજામાં સત્સંગનો લાભ આપ્યો. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અંગત સચિવ શ્રી એ. કે. શર્માને મુલાકાત આપી દિલ્હી ઍરપૉર્ટ પ્રતિ પ્રયાણ કર્યું. દિલ્હીથી ફ્લાઈટમાં દહેરાદૂન પધાર્યા. દહેરાદૂન ઍરપૉર્ટથી ગાડીમાં પતંજલિ

યોગપીઠ પધાર્યા. પૂ. આચાર્ય બાલકૃષ્ણજીએ સત્કાર્યા, તેઓ સાથે ગોષ્ઠિનો આનંદ માણ્યો.

**૧૨ સપ્ટેમ્બર, ગુરુવાર...** સવારે પૂ. આચાર્ય બાલકૃષ્ણજીના આમંત્રણથી તેઓના નિવાસસ્થાને પધાર્યા. ત્યાંથી તેઓ સાથે હરિદ્વાર સ્વામિનારાયણ મંદિરમાં દર્શનાર્થે પધાર્યા. મહંત શ્રી પૂ. હરિવલ્લભ સ્વામીએ સૌને સત્કાર્યા અને સ્વામિનારાયણ મંદિરમાં ચાલી રહેલ કથા-પારાયણમાં પધારી ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. ત્યાંથી સૌ પૂ. આચાર્ય બાલકૃષ્ણજી સાથે તેઓના બે પર્વત ઉપર પધારી સમગ્ર પર્વત ઉપરની ૧૦૦૦ એકર જેટલી જમીનમાં વિવિધ વનસ્પતિ/વૃક્ષોનું વાવેતર જે પદ્ધતિથી કરવામાં આવ્યું છે તેનાં દર્શન કરી અત્યંત પ્રસન્નતા દર્શાવી. પર્વતની ટોચ ઉપર તેઓ દ્વારા નિર્માણ કરેલ 'વેદાલયમ્' ગેસ્ટહાઉસમાં પધરામણી કરી. સાંજે પર્વત ઉપરથી નીચે ઊતરીને ગરુદ્વારમાં આવેલ પૂ. હરિવલ્લભ સ્વામીના આશ્રમમાં પધરામણી કર્યા બાદ પતંજલિ યોગપીઠ પધાર્યા.

**૧૩ સપ્ટેમ્બર, શુક્રવાર...** સવારે પૂ. સ્વામી રામદેવજી મહારાજના આમંત્રણથી તેઓના નિવાસસ્થાને પધાર્યા. પૂ. સ્વામીજીએ સ્વયં યજ્ઞ કરી આહુતિ અર્પણ કરાવી. તેઓની સાથે 'આચાર્યકુલમ્' (શાળા)ની મુલાકાત લીધી તેમજ સાંજે પતંજલિ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની મુલાકાત લઈ ત્યાં ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓ નિહાળી ખૂબ રાજીપો વરસાવ્યો.

**૧૪ સપ્ટેમ્બર, શનિવાર...** સવારે પૂ. આચાર્ય બાલકૃષ્ણજી સાથે ગોષ્ઠિ કરી અનુપમ મિશનના સંતો, ભક્તોનાં સ્વાસ્થ્ય અંગે ચર્ચા કરી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે દવાઓ મેળવી. બપોરે મેરઠથી પધારેલ પ્રૉફે. ડૉ. કંસલ તથા તેઓનાં પત્નીને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે પૂ. સ્વામી રામદેવજી મહારાજ સ્વયં ઉતારે પધાર્યા ત્યારે તેઓ સાથે સત્સંગ-ગોષ્ઠિનો ખૂબ આનંદ માણ્યો. સાંજે તેઓની સાથે પતંજલિ ફૂડપાર્કની મુલાકાત લીધી. રાત્રે વિવેકભાઈ વાલિયાના ઘરે પધરામણી કરી રાત્રે ઉતારે આવીને આરામ કર્યો.

**૧૫ સપ્ટેમ્બર, રવિવાર...** સવારે પૂ. સ્વામી રામદેવજી મહારાજ સાથે ગુરુકુલમ્‌માં પધરામણી કરી સભામાં સૌ દીક્ષાર્થી ભાઈઓ, બહેનોને આશીર્વાદ પાઠવ્યા. પૂ. સ્વામીજીના નિવાસસ્થાને ગોષ્ઠિનો આનંદ માણી ત્યાંથી દહેરાદૂન પ્રતિ પ્રયાણ કર્યું. દહેરાદૂનમાં સાધનાબહેનના ઘરે પધરામણી કરી પરિવારજનોને સત્સંગનો લાભ આપી સૌ સાથે દહેરાદૂન ઍરપૉર્ટ પ્રતિ પ્રયાણ કર્યું. દહેરાદૂનથી દિલ્હી અને દિલ્હીથી ફ્લાઇટમાં વડોદરા પધાર્યા. વડોદરા ઍરપૉર્ટ ઉપર દર્શનાર્થે એકત્ર થયેલ મંડળના સૌ અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે બ્રહ્મજ્યોતિમાં પ્રતીક્ષા કરી રહેલ બ્રહ્મજ્યોતિ પરિવારના મુક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૧૬ સપ્ટેમ્બર, સોમવાર...** સવારે વડોદરાથી પધારેલ મીનેશભાઈ-જહાનવીબહેનને આશીર્વાદ આપ્યા. સાંજે પારમિતા મંદિરે યોજેલ સ્વાગતસભામાં પૂ. પીટરભાઈ સાથે સૌને દિલ્હી-હરિદ્વારની યાત્રાની સુખદ સ્મૃતિ કરાવી આશીર્વાદ આપ્યા.

**૧૭ સપ્ટેમ્બર, મંગળવાર...** સવારે મુંબઈથી પધારેલ તપનભાઈને સત્કાર્યા. રાત્રે વિદેશ ધર્મયાત્રાએથી પરત પધારેલ સદ્‌ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદા, પૂ. હિંમતસ્વામી, પૂ. ગોપાલભાઈ અને પૂ. વાસુભાઈને સત્કાર્યા.

**૧૮ સપ્ટેમ્બર, બુધવાર...** સવારે યોગી વિદ્યાપીઠમાં સદ્‌ગુરુ સંત પ.પૂ. રતિકાકાના ૮૧મા પ્રાગટ્યપર્વ નિમિત્તે યોજેલ મહાપૂજા તેમજ યોગી વિદ્યાપીઠ પરિવાર દ્વારા પ્રાગટ્યદિનની ઉજવણીની સભામાં પધારી પ.પૂ. રતિકાકાનાં જીવન માહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી. સાંજે હૃદયકુંજમાં આમ્રવૃક્ષ નીચે પધરાવેલ બ્ર.સ્વ.પ.પૂ. યોગીજી મહારાજની મૂર્તિ તેમજ બ્ર.સ્વ. પ.પૂ. કાકાજી મહારાજ તથા બ્ર.સ્વ. પ.પૂ. સોનાબાની સમાધિ ઉપર પધરાવેલ ચરણારવિંદની ઉત્થાપન વિધિમાં પધારી પુષ્પાંજલિ અર્પણ કરી આરતી ઉતારી તથા આ પ્રસંગે પધારેલ સૌને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે યોગીપ્રસાદના હૉલમાં પ.પૂ. રતિકાકાના ૮૧મા પ્રાગટ્યદિન નિમિત્તે યોજેલ સભામાં પધારી અદ્‌ભુત આશીર્વાદ પ્રદાન કર્યા.

**૧૯ સપ્ટેમ્બર, ગુરુવાર...** બપોરે પદમલાથી નરસિંહભાઈ અને યુ.એસ.એ.થી મોનાબહેન પધાર્યાં, તેઓને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૦ સપ્ટેમ્બર, શુક્રવાર...** સવારે પારમિતા મંદિરે દર્શન કરી શરીરે તાવ હોવાથી સ્વાસ્થ્યલાભ માટે આરામ કર્યો.

**૨૧ સપ્ટેમ્બર, શનિવાર...** સવારે ઉપાસના નિજ નિવાસસ્થાને સદ્‌ગુરુ સંત પ.પૂ. શાંતિદાદાના તેમજ ડૉ. મનોજભાઈ સોની સાથેની મીટિંગમાં પધારી ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે અમદાવાદ મંદિરના પૂજારી નંદલાલભાઈ તેમજ તેઓના સ્નેહી ગણેશભાઈ ત્રિવેદી સપરિવાર પધાર્યા, તેઓને આશીર્વાદ

પાઠવ્યા. અમદાવાદથી પધારેલ મિલનકુમાર-નિમિશાબહેને પણ આશીર્વાદ પાઠવ્યા.

**૨૨ સપ્ટેમ્બર, રવિવાર...** સવારે નૂતન મંદિરના નિર્માણ કાર્યની શ્રમયજ્ઞની સેવામાં પધારેલ ૧૫૦ જેટલા કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવ્યા.

**૨૩ સપ્ટેમ્બર, સોમવાર...** સવારે યુ.કે.થી પધારેલ વિજયભાઈ ઠક્કરને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. મંદિર મીટિંગમાં પધારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે યોગી પ્રસાદમાં બ્રહ્મસ્વરૂપ પ.પૂ. યોગીજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તનસંધ્યામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તેમજ કીર્તનસંધ્યામાં પધારેલ સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ સપ્ટેમ્બર, મંગળવાર...** શરીરમાં કસર જણાતાં બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરીને સ્વાસ્થ્યલાભ માટે આરામ કર્યો.

**૨૫ સપ્ટેમ્બર, બુધવાર...** સવારે અમદાવાદથી પધારેલ દ્વિજેનભાઈ સાથે નૂતન મંદિરના નિર્માણકાર્ય માટે મીટિંગ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું.

**૨૬ સપ્ટેમ્બર, ગુરુવાર...** સવારે પારમિતા મંદિરે અમદાવાદથી પધારેલ સ્વજન ગાયક કલાકાર અમિતભાઈ ઠક્કર અને દીપ્તિબહેન દેસાઈને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૭ સપ્ટેમ્બર, શુક્રવાર...** બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરી સ્થાનિક ભક્તોને સત્સંગનો લાભ આપ્યો.

**૨૮ સપ્ટેમ્બર, શનિવાર...** સવારે શ્રી યોગી વિદ્યાપીઠના પ્રાર્થના હૉલમાં અનુપમ મિશન સત્સંગ પરિવારના યુવાન ગૃહસ્થોએ પોતાનાં બાળકોના સુંદર ઉછેર માટેની સમજ આપતા દ્વિદિવસીય સેમિનાર 'બૅક ટુ સ્કૂલ'ની ઉદ્‌ઘાટન સભામાં પધારી ઉપસ્થિત સૌ માતા-પિતા સાથે સેમિનારના સંચાલક શ્રી હિરેનભાઈ મોદીને આશીર્વાદ પાઠવ્યા.

**૨૯ સપ્ટેમ્બર, રવિવાર...** સાંજે 'બૅક ટુ સ્કૂલ' સેમિનારના પૂર્ણાહુતિ સત્રમાં પધારી આશીર્વાદ પાઠવ્યા. મુંબઈથી પધારેલ વ્રતધારી સંત પૂ. વશીભાઈ તથા સંત બહેનોને સત્કાર્યાં તેમજ નૂતન મંદિરના નિર્માણ કાર્યની મુલાકાત લીધી અને મિડિયા સૅન્ટરમાં રૅકોર્ડિંગ સ્ટુડિયોની મુલાકાત લીધી.

**૩૦ સપ્ટેમ્બર, સોમવાર...** અમદાવાદથી પધારેલ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. ◆

## શ્રદ્ધાંજલિ



*** કનુભાઈ પટેલ :** વણસોલ નિવાસી નિષ્ઠાવાન અક્ષરમુક્ત કનુભાઈ પટેલ ૧૫ સપ્ટેમ્બરના રોજ અક્ષરધામ સિધાવ્યા. કનુભાઈની પ.પૂ. પપ્પાજી, પ.પૂ. સોનાબા તથા પ્રત્યક્ષ ગુરુહરિ સાહેબદાદા પ્રતિની પ્રીતિ અને ભક્તિ અકલ્પ્ય હતી. સંતો, સંત બહેનો અને ભક્તો પ્રત્યે નિર્દોષભાવ સેવી તેઓ માહાત્મ્યથી વ્યવહાર કરતા. સાહેબદાદા અને સંતોના વચને અનુપમ મિશનના આરંભકાળથી આજપર્યંત ખૂબ સેવાઓ કરી સૌનો રાજીપો તેઓએ પ્રાપ્ત કર્યો હતો. દેહ અને દમડી ઘસીને અનુપમ મિશનના સ્થાવર વિકાસની સેવામાં તેઓ સદાય પરોવાયેલા રહેતા. સત્સંગ અને ભક્તિના આવા જ સંસ્કારનો વારસો દીકરા કિરણભાઈ અને દીકરી બેલાબહેનને આપી તેઓએ વિદાય લીધી. આ પ્રસંગે પ્રભુના કર્તાપણાના સ્વીકાર કરી બળમાં રહેતાં સૌ પરિવારજનોને વંદન ! અ.નિ. કનુભાઈની આદર્શ ભક્તિને નમન ! ◆



*** હિતેશભાઈ સાંગાણી :** બોરીવલી, મુંબઈ રહેતા યુવાન અક્ષરમુક્ત હિતેશભાઈ સાંગાણી ૨૯ સપ્ટેમ્બરના રોજ અક્ષરધામ બિરાજ્યા. સેવાભાવી હિતેશભાઈએ સાહેબદાદા અને સદ્‌ગુરુ સંતોમાં જીવની પ્રીતિ કરી દેહપર્યંત ખૂબ ભક્તિ કરી. અનુપમ મિશનના બોરીવલી કેન્દ્રના આરંભથી લઈ આજપર્યંત સેવામાં પરોવાઈને સંતોનો ખૂબ રાજીપો પ્રાપ્ત કર્યો. ગુરુવચનને અદ્ધર ઝીલી સમર્પણ અને નિષ્ઠા સાથે તેઓ એક આદર્શ જીવન જીવ્યા. આ સંસ્કારવારસો દીકરી નતાશા, દીકરા સૌરભને પણ આપ્યો. પરિવારનાં સભ્યો ભાવનાબહેન, ચંદ્રેશભાઈ-મનુબહેને પણ તેમને સાથ આપી એકધારી ભક્તિ કરી. અક્ષરધામગમનના એક અઠવાડિયા પૂર્વે જ બ્રહ્મજ્યોતિ-મોગરી પધારી નૂતન મંદિર નિર્માણના શ્રમયજ્ઞમાં જોડાઈ વિશેષ ભક્તિ અદા કરી સાહેબદાદાનો તેઓએ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આવા આત્મા સદાય ભગવાનના સંબંધમાં જ રહે છે. નવા જન્મે પ્રભુ તેઓને ફરીથી સત્સંગની સેવામાં પ્રવૃત્ત કરે તેવી પ્રાર્થના ! પરિવારનાં સૌને બળ મળે તે યાચના ! ◆

# સત્સંગ સમાચાર

## જળઝીલણી ઉત્સવ

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી પ્રતિવર્ષની જેમ વડોદરા પ્રદેશના ભક્તોએ ભેગા મળી ૯ સપ્ટેમ્બરના રોજ જળઝીલણી ઉત્સવ અત્યંત ભક્તિભાવપૂર્વક ઊજવ્યો. આ પ્રસંગે પૂ. શાંતિદાદા, પૂ. રતિકાકા, પૂ. પૂનમદાદા પૂ. દિલીપભાઈ, પૂ. રણછોડભાઈ, પૂ. રાજુભાઈ, પૂ. કપિલભાઈ આદિ સંતોની સંનિધિમાં ચરોતર પ્રદેશ તેમજ વડોદરા અને કાનમ પ્રદેશના ભક્તો આ ઉત્સવમાં સંમિલિત થયા.

શ્રી કાનમ પ્રદેશ પાટીદાર સમાજ, વડોદરા ખાતે આ ઉત્સવ યોજાયો. સ્થાનિક મંડળના ભક્તોએ સુંદર સુશોભન કરી જળકુંડ તૈયાર કરી તેમાં શ્રી ઠાકોરજીને બિરાજમાન કર્યા. ઉત્સવ પ્રારંભે ઊમિફોઈ અને બહેનોએ દિવ્ય મહાપૂજા કરી પ્રાર્થનાઓ ધરી. સંતોનાં સ્વાગત બાદ કીર્તનઅર્ઘ્ય અર્પણ થયા. વડોદરા મંડળના પ્રમુખ અશ્વિનભાઈ અને પૂ. રાજુભાઈ ડેએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. પૂ. દિલીપભાઈ, પૂ. રતિકાકા, પૂ. શાંતિદાદા અને પૂ. પૂનમદાદાએ આશીર્વાદ પ્રદાન કરી સૌની ભક્તિને બિરદાવી તેમજ ઉત્સવ માહાત્મ્યનો મર્મ સમજાવ્યો. આ પ્રસંગે વડોદરા મંડળના તેજસ્વી તારલાઓને 'અનાદિ મહા મુક્ત સોનાબા કેળવણી કૌશલ્ય પુરસ્કાર' અર્પણ કરાયા. શ્રી ઠાકોરજીના જળાભિષેક અને જળવિહાર દ્વારા ભક્તોએ ભક્તિ અર્ઘ્ય અર્પણ કર્યા.

આ ઉપરાંત અનુપમ મિશનનાં દેશ અને પરદેશનાં અનેક કેન્દ્રોમાં પણ જળઝીલણી ઉત્સવ ભક્તોએ ભક્તિભાવથી ઊજવ્યો. ◆

## સંતભગવંત પરમ પૂજ્ય સાહેબદાદાની દિલ્હી – હરિદ્વાર યાત્રા

સ્વામી રામદેવજી, આચાર્ય બાલકૃષ્ણજીને મળી નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનું રૂબરૂ આમંત્રણ પાઠવવા સંતભગવંત સાહેબજી અને સંતો હરિદ્વાર પધાર્યા. વડોદરાથી ફ્લાઈટમાં ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ દિલ્હી ડૉ. મનોજભાઈના ઘરે પધાર્યા. સાહેબદાદાના સાંનિધ્યે યોજિત સાંજની સભામાં દિલ્હી મંડળના હરિભક્તો ઉપરાંત IAS, IPS, UPSC Members આદિ મહાનુભાવોને મનોજભાઈએ નિમંત્ર્યા હતા. પૂજ્ય સાહેબદાદા પ્રથમ વખત જ મનોજભાઈના આવાસમાં પધારતા હોવાથી મનોજભાઈએ પોતાના મકાનને દિવાળી જેવી રોશની ને ફૂલોથી સુશોભિત કર્યું હતું. ભાતભાતનાં ભોજન દ્વારા સૌનેય દિવાળી, અન્નકૂટનો આનંદ કરાવી અતિશય માહાત્મ્યથી સેવા કરી સૌનાં દિલ જીતી લીધાં. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. મનોજભાઈએ અનુપમ મિશન અને પૂજ્ય સાહેબદાદાના માહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી. પૂજ્ય સાહેબદાદાએ પણ આશિષવર્ષા કરી યોગીજી મહારાજની આશિષથી અનુપમ મિશન દ્વારા થતાં સમાજોત્થાનનાં વિવિધ કાર્યોની માહિતી આપી.

૧૧ સપ્ટેમ્બરે સવારે માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના અંગત સચિવ શ્રી એ. કે. શર્મા (IAS)પૂજ્ય સાહેબદાદાના દર્શનાર્થે પધાર્યા. તેઓને પૂ. સાહેબદાદાએ કહ્યું, 'નરેન્દ્રભાઈ આપણા દેશ માટે અથાક્ પરિશ્રમ કરે છે. તેમની રક્ષા માટે ૧૯૬૪માં યોગીજી મહારાજે મને જે અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ આપી હતી ને આશીર્વાદ પાઠવ્યા હતા, તે મૂર્તિની આ કોપી તમે નરેન્દ્રભાઈને આપજો, ને કહેજો કે, આ મૂર્તિ તેમના ખિસ્સામાં રાખે, ભગવાન અખંડ રક્ષા કરશે.' આ રીતે સાહેબદાદાએ પોતાનો નરેન્દ્રભાઈ તથા દેશ માટેનો પ્રેમ ખૂબ જ સુંદર રીતે પ્રગટ કરી આશીર્વાદ પાઠવ્યા.

દિલ્હીથી ડૉ. મનોજભાઈની ભાવભીની વિદાય લઈ દહેરાદૂન થઈ પતંજલિ યોગપીઠ, હરિદ્વાર પધાર્યા. થોડા દિવસ અગાઉ આચાર્ય શ્રી બાલકૃષ્ણજીને ફૂડ પોઈઝનિંગ થયું હોવાથી હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા. પૂજ્ય સાહેબદાદાને આ સમાચાર મળતાં જ સ્વામી રામદેવજી મહારાજને ફોન કરીને તેઓએ આચાર્ય બાલકૃષ્ણજીના ખબર પૂછ્યા હતા અને તેમને મળવા આવવાની પોતાની ઈચ્છા દર્શાવી હતી; તેમાંથી હરિદ્વારના આ કાર્યક્રમનું આયોજન થયું.

૧૨ સપ્ટેમ્બરના રોજ સવારે આચાર્ય શ્રી બાલકૃષ્ણજી સાથે સ્વામિનારાયણ મંદિરે દર્શનાર્થે પધારી પૂ. હરિવલ્લભ સ્વામીને મળ્યા. ત્યાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ ચાલતી હતી, તે જ મંચ ઉપર પૂ. સાહેબદાદા તથા આચાર્યજીને બોલાવી પૂ. હરિવલ્લભ સ્વામીજીએ તેઓનાં સન્માન કર્યાં. ત્યાર બાદ પૂ. સાહેબદાદા તથા આચાર્યજીએ સપ્તાહમાં પધારેલ સૌ ભક્તોને આશીર્વાદ પ્રદાન કર્યા.

૧૩ સપ્ટેમ્બરના રોજ પતંજલિ યોગપીઠ દ્વારા હરિદ્વાર તેમજ આસપાસના વિસ્તારમાં થતી સમાજઉત્થાનની વિવિધ પ્રવૃત્તિઓ આચાર્યશ્રી સાથે નિહાળી. સ્વામી રામદેવજી મહારાજને અનુપમ મિશન અને પૂ. સાહેબદાદા સાથે વિશિષ્ટ સંબંધ છે, તેનાં તેઓએ દર્શન કરાવ્યાં.

૧૪ સપ્ટેમ્બરના રોજ સ્વામી રામદેવજી મહારાજે પૂ. સાહેબદાદા સાથે રહેવા માટે પોતાનો દુબઈનો કાર્યક્રમ મુલતવી રાખ્યો તેમજ આચાર્ય શ્રી બાલકૃષ્ણજીએ પોતાનો દિલ્હીનો કાર્યક્રમ પાછો ઠેલી પૂ.

સાહેબદાદા સાથે ત્રણ દિવસ રહી, સાહેબજી પ્રત્યેના તેઓના પ્રેમ અને પૂજ્યભાવનાં દર્શન કરી ખૂબ જ હર્ષ થયો.

૧૫ સપ્ટેમ્બરના રોજ 'ગુરુકુલમ્' પહોંચી લગભગ ૧૦૦ જેટલાં સંન્યાસી ભાઈ-બહેનો તથા ૧૦૦ જેટલા ગુરુકુલના વિદ્યાર્થીઓ સમક્ષ સ્વામી રામદેવજીએ પૂ. સાહેબદાદાનો ખૂબ જ સુંદર પરિચય આપી પોતાના જીવનમાં સાહેબનું કેટલું ઊંચું સ્થાન છે તે અંગે તેમજ સાહેબદાદાના માહાત્મ્યની અડધો કલાક વાતો કરી બાળકોને ખૂબ આનંદ કરાવ્યો. પૂ. સાહેબદાદાએ પણ પોતાના આશીર્વાદ પાઠવતાં જણાવ્યું કે, 'સનાતન ધર્મ કે કોઈ પણ ધર્મની માત્ર વાતો કરવાથી કલ્યાણ ના થાય, તેના માટે સ્વામી રામદેવજી મહારાજ જેવા સાધુમાં જોડાવું પડે. તમે ખૂબ નસીબદાર છો કે, તમને આવા ઓલિયા સાધુની પ્રાપ્તિ થઈ છે. તેમને પ્રભુનું સ્વરૂપ માની તેમની આજ્ઞા પાળશો તો સુખી થઈ જશો.'

પૂ. સાહેબદાદાએ સૌને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું. ત્યારબાદ સૌની ભાવભરી વિદાય લઈ મોગરી પ્રતિ પ્રયાણ કર્યું. ◆

### સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાનો ૮૧મો પ્રાગટ્યોત્સવ

દાસત્વની મૂર્તિ એવા સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાનો ૮૧મો પ્રાગટ્યપર્વ ૧૮ સપ્ટેમ્બરના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં યોગીપ્રસાદના વિશાળ સભાખંડમાં સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં ઉજવાયો. આ પ્રસંગે સૌ કોઈ પૂ. રતિકાકાના સાધુતાભર્યા અકલ્પનીય જીવનમાહાત્મ્યમાં તરબોળ થયાં. આ પ્રસંગે પરદેશની ધર્મયાત્રા સંપન્ન કરી બ્રહ્મજ્યોતિ પધારેલ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, પૂ. ગોપાલબાપા, પૂ. વાસુભાઈ અને પૂ. હિંમતસ્વામીજીનાં સ્વાગત કરાયાં.

સભા પ્રારંભે પૂજન અને પુષ્પહાર અર્પણ કરી સંતોએ પૂ. રતિકાકા પ્રતિનો પ્રેમ વ્યક્ત કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ડૉ. પૂર્વીબહેન, લાઠિયાસાહેબ, પૂ. હિંમતસ્વામી અને પૂ. પીટરભાઈએ અનુભવદર્શન કરાવી માહાત્મ્યગાન કર્યાં. આ પ્રસંગે ઉપસ્થિત અનેક અક્ષરમુક્તોએ, પ્રતિષ્ઠિત સંસ્થાના અગ્રણીઓએ સ્મૃતિભેટ અર્પણ કરી પૂ. રતિકાકા પ્રતિના પ્રેમભાવને વ્યક્ત કર્યા.

પૂ. શાંતિદાદાએ આશીર્વાદ પ્રદાન કર્યા અને પૂ. રતિકાકા પ્રતિના પવિત્ર મૈત્રીભાવ અને તેઓની દાસત્વભક્તિનાં અનુપમ વર્ણન કર્યાં. પૂ. અશ્વિનદાદાએ સૌના સ્વાગતભાવ ઝીલી પૂ. રતિકાકાના ગુરુભક્તિ સભર જીવનમાહાત્મ્યની સુંદર વાતો કરી આશીર્વાદ પાઠવ્યા.

પૂ. રતિકાકાએ સાહેબજીના માહાત્મ્યની અનુપમ વાતો કરી સૌ ભક્તોને આશીર્વાદ પ્રદાન કર્યા. અંતે સંતભગવંત સાહેબજીએ રતિકાકાના ભક્તિભર્યા જીવનનું હાર્દ સમજાવી સૌને ભક્તિમય જીવન જીવવાના આશીર્વાદ પાઠવ્યા.

*** યોગી વિદ્યાપીઠ :** અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠના કુલગુરુ સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાનો ૮૧મો પ્રાગટ્યદિન યોગી વિદ્યાપીઠના પ્રાર્થનાખંડમાં ૧૮ સપ્ટેમ્બરના રોજ મહાપૂજા કરીને ઉજવાયો. આ પ્રસંગે યોગી વિદ્યાપીઠ પ્રેરિત વિવિધ વિદ્યાશાખાઓના સારસ્વત મિત્રો ઉપસ્થિત રહ્યા. દરેક વિદ્યાશાખાના પ્રતિનિધિ મહાપૂજામાં યજમાન પદે બિરાજ્યા અને સૌની સુખાકારી અને પૂ. રતિકાકાના નિરામય દીર્ઘાયુ સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાઓ કરી. ઉપસ્થિત સૌને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કરી સૌની સેવાને બિરદાવી. પરદેશની ધર્મયાત્રા સંપન્ન કરી પધારેલ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનું પણ આ પ્રસંગે ભાવભર્યું સ્વાગત કરાયું. તેઓએ પોતાની લાક્ષણિક શૈલીમાં સૌને ભક્તિમય ને સમર્પણભર્યું જીવન જીવવાનું માર્ગદર્શન આપ્યું. સૌનાં ઉન્નત જીવન માટે પૂ. શાંતિદાદાએ સ્વહસ્તે લિખિત સંકલ્પ મહાપૂજામાં કરાવ્યો. પૂ. ઉત્પલભાઈ અને પૂ. બિમલભાઈએ સુંદર મહાપૂજા વિધિ કરાવી. અંતે યોગી વિદ્યાપીઠ પરિવારના સૌ સભ્યો પર પૂ. રતિકાકાએ પ્રસન્નતાના આશીર્વાદ વરસાવ્યા. ◆

*** ગુરુસભા :** અનુપમ મિશન સંચાલિત યુવકોની અઠવાડિક સત્સંગસભા-ગુરુસભામાં ૧૯ સપ્ટેમ્બરના રોજ પૂ. રતિકાકાનો ૮૧મો પ્રાગટ્યદિન ભક્તિભાવપૂર્વક ઉજવાયો. પૂ. રતિકાકાએ 'અક્ષરમ્ અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોસ્મિ' આ મંત્રની સિદ્ધિ યોગીબાપા અને સાહેબદાદામાં જીવ જોડી હાંસલ કરી છે, તેનાં અલૌકિક દર્શન આ સભામાં થયાં. પૂ. અશ્વિનદાદા અને સંતોનાં સ્વાગત થયાં. પૂ. શાંતિદાદા અને પૂ. અશ્વિનદાદાએ યુવાનોને પૂ. રતિકાકાના આદર્શ જીવનનું મિષ લઈ અધ્યાત્મમાર્ગી જીવન જીવવાની સૂઝ ને સમજ આપી. પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવી જીવનમાં ગુરુમુખી પ્રભુ પ્રીત્યર્થે જીવન જીવવાનું માર્ગદર્શન આપ્યું.

*** શારદા મંદિર, નડિયાદ :** પૂ. રતિકાકાના ૮૧મા પ્રાગટ્યદિનની ઉવણી ૨૨ સપ્ટેમ્બરના રોજ શારદા મંદિર પરિવારના સૌ મુક્તોએ ભેગા મળીને કરી. આ પ્રસંગે પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષણ સંકુલમાં નવનિર્મિત હૉલનું ઉદ્‌ઘાટન પૂ. રતિકાકાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. પૂ. ગોપાલબાપાએ માહાપૂજા કરી સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી. પૂ. રતિકાકાએ પૂ. સુનીલભાઈ પંડ્યા, આચાર્યા સરોજબહેન તથા સૌ શિક્ષકોની સેવાને તથા નૂતન હૉલના નિર્માણમાં સેવા આપનાર સૌને બિરદાવી આશીર્વાદ પ્રદાન કર્યા. ◆





સદ્ગુરુ સંતોના સાંનિધ્યે વડોદરામાં જળઝીલણી ઉત્સવની ભક્તિપૂર્ણ ઉજવણી



સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને સંતોનાં બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સ્વાગત



બ્રહ્મજ્યોતિમાં પૂ. રતિકાકાના ૮૧મા પ્રાગટ્યપર્વની ઉજવણીનાં ભવ્ય મંચદર્શન



યોગી વિદ્યાપીઠમાં મહાપૂજા દ્વારા પૂ. રતિકાકાના ૮૧મા પ્રાગટ્યદિનની ઉજવણી




પૂ. રતિકાકાના ૮૧મા પ્રાગટ્યપર્વની ગુરુસભાના યુવાનો દ્વારા ભાવભરી ઉજવણી



પૂ. રતિકાકાના વરદ્ હસ્તે શારદા મંદિરના સંકુલમાં નૂતન હૉલનાં મુક્તાર્પણ



શારદા મંદિર, નડિયાદ ખાતે પૂ. રતિકાકાના પ્રાગટ્યની ભક્તિભીની ઉજવણી



હરિદ્વાર પાસે પર્વતમાળામાં સાહેબજી, આચાર્ય શ્રી બાલકૃષ્ણજી અને સંતો-ભક્તો



પતંજલિ યોગપીઠમાં સ્વામી રામદેવજી સાથે યજ્ઞમાં આહુતિ અર્પણ



'ગુરુકુલમ્'ના સંન્યાસી વિદ્યાર્થીઓને સાહેબજીનાં આશીર્દાન

॥ સ્વામિશ્રીજી ॥

# બ્રહ્મજ્યોતિમાં પ્રકાશપર્વો !

આવો ! પધારો ! આનંદો !
શ્રી ઠાકોરજીમહારાજ અને સંતભગવંત સાહેબજીની સંનિધિમાં
આ દીપોત્સવીએ આતમ આંગણું દિવ્ય પ્રકાશે અજવાળીએ !
નૂતનવર્ષને દિવ્ય સંકલ્પ-પ્રાર્થનાથી આવકારીએ !
સંતો અને દિવ્ય અક્ષરમુક્તોનાં દર્શને આનંદીએ !
બ્રહ્મજ્યોતિમાં બ્રહ્મસ્પર્શ માણી ધન્ય થઈએ !

**૨૫ ઑક્ટોબર ૨૦૧૯, શુક્રવાર**



આસો વદ બારશ-તેરશ, ધનતેરશ
સાંજે ૦૬.૩૦ વાગ્યે શ્રી લક્ષ્મીપૂજન

**૨૬ ઑક્ટોબર ૨૦૧૯, શનિવાર**



આસો વદ ચૌદશ, અક્ષરચૌદશ
સવારે ૧૦.૦૦ વાગ્યે સદ્‌ગુરુ સંત પ્રાગટ્યોત્સવ
સાંજે ૦૪.૦૦ વાગ્યે રંગોળી ઉત્સવ



**૨૭ ઑક્ટોબર ૨૦૧૯, રવિવાર**



આસો વદ અમાસ, દીપાવલી
સાંજે ૦૬.૩૦ વાગ્યે શ્રી શારદાપૂજન

**૨૮ ઑક્ટોબર ૨૦૧૯, સોમવાર**



કારતક સુદ પડવો, નૂતનવર્ષ ૨૦૭૬
સવારે ૦૮.૦૦થી ૦૯.૩૦ નૂતનવર્ષ મંગલ મિલન સભા
સવારે ૧૦.૩૦થી ૧૧.૩૦ અન્નકૂટોત્સવ, થાળ અર્પણ
૧૧.૪૫ અન્નકૂટ આરતી અર્પણ

**નમ્ર નિવેદન :**

★ શ્રી સરસ્વતીપૂજન માટે ચોપડા સવેળા બ્રહ્મજ્યોતિ પહોંચાડશો તેવી વિનંતી!

★ દીપોત્સવી દરમિયાન આપ બ્રહ્મજ્યોતિમાં રોકાણ કરવા ઇચ્છતા હો તો આપ આપના મંડળસંચાલકશ્રી દ્વારા આપના આગમન તેમજ પ્રસ્થાનની વિગત


**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2018-20
* Date of Publication : 14th of each Month
* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-10-19 * Office of Origin : Vitthal Udyognagar
Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat
Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008



*
If Undelivered Please return to :
Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India
Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660
email : amindia@anoopam.org * website: www.anoopam.org